વિસ્તારમાં બોલાતી બોલીમાં મૂળ સંસ્કૃત દેખાય છે. આગોર ક્યાંક આવે છે, તો ક્યાંક પાયતાન, એટલે કે જ્યાં તળાવના પગ પ્રસર્યા હોય. આયતન એટલ કે પ્રસરેલો ભાગ સાંકડો બની જાય એટલ કે આગર. આને ક્યાંક ક્યાંક ભરાવ પણ કહે છે. આંધ્રપ્રદેશમાં પહોંચીને આ પરિવાહ પ્રદેશમ્ કહેવાય છે. આગૌરમાં આગોરમાંથી પાણી આવે છે પણ ક્યાંક ક્યાંક આગરની વચ્ચોવચ કૂવો પણ ખોદે છે. આ સ્રોતમાંથી પણ તળાવમાં પાણી આવે છે.આને બોગલી કહે છે. બિહારમાં બોગલીવાળાં સેંકડો તળાવો છે. બોગલીનું એક નામ ચૂહર પણ છે.

પાણીના આ આગરનું કીમતી ખજાનાનું રક્ષણ કરે છે પાલ. પાલ શબ્દ પાલકમાંથી બન્યો હશે. આ ક્યાંક ભીંડ કહેવાયો અને આકારમાં જે નાનો હોય તો પીંડ. ભીંડનું ભિંડ પણ છે બિહારમાં. અને ક્યાંક મહાર પણ. પુશ્તા શબ્દ પાછળથી આવ્યો જણાય છે. કેટલાંક ક્ષેત્રોમાં આ પાર છે. નદીની પારની માફક કિનારાના અર્થમાં પારની સાથે આર પણ છે. આર,પાર અને તળાવના આ પારની પેલે પારને આર-પાર અથવા પાર-આરને બદલે પારવાર પણ કહે છે. આજ પારાવાર શબ્દ તળાવ અથવા પાણીમાંથી નીકળીને આનંદની માત્રા બતાવવાને માટે ઉપયોગમાં લેવાય છે. પણ પહેલાં આ પાણીના આનંદનો પારવાર રહયો હશે.


પાર અથવા પાલ બહુ જ મજબૂત હોય છે. પણ તેને રખેવાળની રખેવાળી ન હોય તો આગોરમાંથી આગરમાં સતત ભરાવનારું પાણી આને ક્યારે પાર કરી લે એને ત્યારે એનો પ્રચંડ વેગ અને પ્રચંડ શક્તિ આને જોત જોતામાં તોડી નાંખી છે. તળાવને ફાટી જતું બચાવવા માટેના આ અંગનું નામ છે અફરા. આગર તો છે તળાવનું પેટ એ અમુક સીમા સુધી તો ભરવું જ જોઇએ, ત્યારે જ તળાવનો વર્ષભર સુધીનો કંઇકેય અર્થ છે. પણ એ સીમાને પાર કરી લે તો પાળ ઉપર જોખમ છે. પેટ પૂરું ભરાઇ ગયું, આફરી ગયું તો હવે એને ખાલી કરવું જોઇએ. આ કામ અફરા કરે છે, અને પેટના ફાટવાથી, તળાવની પાળ તૂટવાથી બચાવે છે.

આનાં કેટલાંય નામો છે. અફરા ક્યાંક અપરા બની ગયું છે. ઉબરા, ઓબરા પણ છે, રાજસ્થાનમાં આ સઘળાં નામો પ્રચલિત છે. વરસાદ ખૂબ સારો થાય અને તળાવ છલોછલ ભરાઇને વધારાનું પાણી છલતી ઉપરથી છલકવા લાગે તો અપરા ચાલી અને મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશનો ઘણા ભાગોમાં આને ચાદર ચાલી એમ પણ કહે છે. છત્તીસગઢ તરફ આ અંગનું નામ છે છલકા-પાળને તોડયા વિના જ્યાંથી પાણી છલકી જાય. કચ્છીમાં તેને ઓગન કહે છે.

આ અંગનું જૂનું નામ ઉચ્છવાસ હતું, બહાર કાઢવાના અર્થમાં. નિકાસથી આને નિકાસી પણ કહે છે. પણ છેક સંસ્કૃતમાંથી આવ્યું છે નેષ્ટા. રાજસ્થાનના થર વિસ્તારમાં, જેસલમેર, બીકાનેર, જોધપુરમાં બધી જગ્યાએ ગામડાઓમાં, શહેરોમાં એક પણ માત્રા ખોયા વિના નેષ્ટા જ કહેવાય છે. સરહદ પાર સિંધ પ્રદેશમાં પણ આ અંગ એ નામ થી ઓળખાય છે. આને દક્ષિણમાં કાલંગલ કહે છે તો બુંદેલખંડમાં બગરન એટલે કે જયાંથી તળાવનું વધારાનું પાણી વહી જાય.

નેષ્ટાને પહેલા વર્ષ નાની બનાવે છે. પાળથી બહુ નીચી. નવી પાળ પણ પાણી પીશે, થોડી બેસશે, એટલે તળાવમાં વધારે પાણી રોકવાની લાલચ નથી કરતા. પણ એક વરસાદ પછી પાળ પાકી થઈ જાય તે પછીના વર્ષે નેષ્ટાને વધારે ઊંચી બનાવે છે. ત્યારે તળાવ વધુ પાણી રોકવા સક્ષમ બની જાય છે.

ઓગન માટીની પાળનો એક ઓછો ઊંચો ભાગ છે પણ એની પરથી તો પાણી વહેવાનું છે તેથી આને પાકું એટલે કે પત્થર-ચૂનાનું બનાવવામાં આવે છે. ઓગનની અડખે-પડખેનો ભાગ અર્ધગોળાકાર બને છે, જેથી પાણીનો વેગને તોડી શકાય. આ ગોળાઈવાળો ભાગ પંખા આકારનો બનાવે છે. આ ગોળાઈવાળા ભાગનું નામ છે પાંખ. જો આ ભાગ તળાવને બદલે નાની નદી યા નાળા બને તો તેને ઓડ કહે છે પાંખના આકારને કારણે તેથી એને પંખા પણ કહે છે.





આજ ભી ખરે હૈ તાલાબ


નેષ્ટા આમ તો છે શુદ્ધ ટેકનિકલ અંગ પરંતુ ક્યાંક ક્યાંક એવાં પણ નેષ્ટા બનતાં હતાં જે ટેકનીકલ હોવાં છતાં પણ એ કલા-પક્ષને સ્પર્શ કરતી હતી. જે સિદ્ધહસ્ત ગજધરોનું આ પહેલાં વર્ણન કરવામાં આવ્યું છે. એમનાં હાથે આવાં કલાત્મક કામો સહજ જ બનતાં હતાં. રાજસ્થાનના જોધપુર જિલ્લામાં એક નાનકડું શહેર છે ફલૌદી. ત્યાં શિવસાગર નામનું એક તળાવ છે. આનો ઘાટ લાલ પત્થરથી બનાવ્યો છે. આ ઘાટ પ્રથમ સીધી રેખામાં બન્યો અને પછી આગળ જતાં એકાએક સુંદર સર્પાકાર રૂપ લે છે. આવી અર્ધવૃત્તાકાર ગોળાઈ તળાવમાંથી નીકળતા વધારાના પાણીના વેગને ઘટાડે છે. ભૂમિતિનો આ સુંદર ખેલ કોઈ જાતના બેડોળ ટેકનિકલ ભાર વિના, સાચેસાચ રમતાં-રમતાં જ વધારાના પાણીને બહાર કાઢીને શિવસાગર તળાવનું રક્ષણ અત્યંત કલાત્મક રીતે કરે છે.

ફરી પાછા તળાવની આગોર પર આવીએ. અહિંયાથી પાણી આવે છે માટી તથા રેતીને રોકવાની છે. આને માટે પાણીનાં નાનાં ઝરણાંઓને આમ-તેમ વળાંકો આપીને કેટલીક મુખ્ય આગોરને આગરની બાજુ વાળવામાં આવે છે. અને તળાવના આગરમાં પહોંચવાના ઘણાં પહેલાં આ આગોરને આડશ આપવામાં આવે છે. જેનો આકાર પશુઓની ખરી જેવો હોવાથી એને ખુરા કહેવામાં આવે છે. મોટા મોટા પથ્થર એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેમાંથી ફક્ત પાણી નીકળી આવે, પણ જ્યાં માટી અને રેતી જમા થઈ જાય, આમ પાણી ગળાઈને આવે.

રણપ્રદેશમાં રેતીનું પ્રમાણ મેંદાની પ્રદેશની તુલનામાં ક્યાંય વધારે હોય છે. એટલા માટે ત્યાં તળાવમાં ખુરા ઘણા જ વ્યવસ્થિત, કાચાને બદલે પાકા વધારે બને છે. પથ્થરોને ચૂનાના ગારાથી ચણીને બે માળવાળું ચણતર કરવામાં આવે છે કે જેમાં ઉપરના માળમાં રાખવામાં આવેલાં કાણાં અને મૂકવામાં આવેલી બારીઓમાંથી પાણી આવે છે. અને નીચે બનાવેલી નાલીમાં જાય છે. અહીંથી પાણી સાથે આવેલાં રેતી, કાંકરા, માટી જેવો ભારે પદાર્થ બેસી જાય છે અને અહીંથી પહેલા માળવાળી બારીમાંથી પાણી બહાર નીકળીને તળાવના પેટ (આગોર) તરફ આગળ વધે છે. કંઈ કેટલાંય પ્રકારના આડી-અવળી, ઊંચી-નીચી બારીઓમાંથી ગળાઈને પાણીને તળાવમાં મોકલવાની આખાય માળખાને છેદી કહેવામાં આવે છે.

આ રીતે રોકાયેલી માટીનાં પણ કેટલાંય નામ છે. ક્યાંક આને સાદ કહે છે, ગાદ પણ છે, લદ્દી પણ છે તો ક્યાંક વળી તલછટ પણ કહે છે. પૂરેપૂરી સંભાળ રાખ્યા પછી પણ પ્રતિવર્ષ પાણીની સાથે થોડી ઘણી માટી આગરમાં આવી જ જાય છે. તેને સાફ કરવાના પ્રસંગો અને યુક્તિઓની પરંપરા પણ ખૂબ વ્યવસ્થિત છે, પણ એનું વર્ણન પછી કરીશું.

અત્યારે હજુ પાળની વાતો લઈએ. પાળ ક્યાંક સીધી, ક્યાંક અર્ધચંદ્રાકાર, બીજના ચંદ્ર જેવી બને છે. તો ક્યાંક વળી આપણા હાથની કોણીની માફક એમાં વળાંક આપવામાં પણ આવે છે. આ વળાંકને કોણી કહે છે. જ્યાં ક્યાંય પણ આગોરમાં આવતા પાણીનો સીધો માર પાળ પર પડી શકે તેમ હોય, ત્યાં પાળને મજબૂત બનાવવા માટે પાળમાં કોણી બનાવે છે.



જ્યાં ક્યાંય સંભવ છે, શક્તિ છે. ત્યાં પાળ અને પાણીની વચમાં પથ્થર ગોઠવવામાં આવે છે. આ પથ્થરોને ગોઠવીને ચણતર કરવાની ક્રિયાને જુહાના કહે છે. નાના પત્થરોને જે ગારાથી ચણવામાં આવે છે એ ગારામાં રેતી, ચૂનો, બીલીફળ, ગોળ, ગુંદા અને મેથી મેળવવામાં આવતી હતી. ક્યાંક ક્યાંક રાળ પણ. જૂના મોટા વજનદાર પથ્થરોને ખીલ પદ્ધતિએ જોડવામાં આવે છે તેમાં એક પથ્થરમાં છેદ કરીને બીજામાં એ આકારની ખીલી ભરાવી દેતા હતા. ક્યારેક મોટા પથ્થરોને લોઢાની પટ્ટીથી જોડવામાં આવતા. માફક ખાંચા અને ચીપની રીતથી જોડવામાં આવતા હતા. આવી ચીપને ઝોંકી અથવા આંકડો કહેતા હતા.પથ્થરની પાટો પાળની માટીને તળાવના આગરમાં ધસી પડતી અટકાવે છે. પથ્થરો સાથે જોડાયેલા આ ભાગને પઠિયાલ કહે છે. પઠિયાલની ઉપર સુંદર મંદિર, ચોપાલ, છતરી અને ઘાટ બનાવવાની પરંપરા છે.


તળાવ અને પાળ જો મોટી હોય તો ઘાટની ઉપર ચડવા માટે પથ્થરનાં પગથિયાં બને છે. તળાવ બહુ મોટું અને ઊંડું હોય તો ત્યાં પગથિયાની લંબાઇ અને સંખ્યા પણ એના પ્રમાણમાં વધે છે. આવે વખતે પાળની માફક પગથિયાંઓને પણ મજબૂત બનાવવાની ગોઠવણ કરવામાં આવે છે. આવું જો ન કરે તો પાણી પગથિયાંને બગાડી નાખે છે. એટલે પગથિયાંના ટેકા માટે વચ્ચે વચ્ચે ઓટલા, ચોતરા અને ચાલી જેવાં પહોળા પગથિયાં બનાવવામાં આવે. આવા આઠ કે દસ પગથિયાં વચ્ચે આવતી આવી ગોઠવણવાળા માળખાને હથની કહે છે.

આવી કોઇ હથનીની દિવાલમાં એક મોટો ગોખ મૂકવામાં આવે છે. અને આમાં ઘટોઇયા બાબાની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ઘટોઇયા દેવતા ઘાટનું રક્ષણ કરે છે. સામાન્ય

રીતે અપરાની ઊંચાઇના માપે તેની સ્થાપના થાય છે. આ રીતે જો આગોરમાં પાણી વધુ વરસે અને આગરમાં પાણીનું સ્તર સતત ઊંચે ને ઊંચે જાય, તળાવ પર જોખમ જણાય, વધતું રોકાઇ જશે આમ ઘાટની અને તળાવની રક્ષા દેવતા અને મનુષ્યો સાથે મળીને કરતા રહયાં. ઘટોઇયા દેવતાના પગને પાણી સ્પર્શ કરે છે ત્યારે અપરા વહેવા લાગે છે અને પાણીનું સ્તર ઊંચાઇ વધવાનું બંધ થાય છે. આ પ્રમાણે ઘાટનું, તળાવનું, રખોપુ દેવ અને મનુષ્ય સાથે મળીને કરે છે.


તળાવોની માફક નદીઓના કાંઠા પરના ઘાટ ઉપર પણ ઘટોઇયા બાબાની સ્થાપના થતી આવી છે. રેલના દિવસોમાં જે મોટી ઉંમરના દાદા-દાદી ઘાટ પર જાતે નથી પહોંચી શકતાં, તેઓ નદીની રેલ જોઇને પાછો આવેલા પોતાનાં પૌત્ર-પૌત્રીઓને બહુ જ ઉત્સુકતાની સાથે મોટા ભાગે આ જ પ્રશ્ન પૂછે છે, '' પાણી ક્યાં લગી ચઢ્યું છે ? ઘટોઇયા બાબાના પગ લગી પાણી આવ્યું ? '' પાણી જો એમના પગને પખાળી લે તો બસ બધું આવી ગયું. એવો એક હાર્દિક સંતોષ તેઓ લેતા હોય છે. અને એમને સમજાઇ જાય છે કે આટલા સ્તરે વહેતું પાણી તળાવને છલકાવી દેશે જે આખુંયે વર્ષ કામ લાગશે.

તળાવના આગરમાં આવતા આખાયે વર્ષના પાણીને માપવાનું કામ કરે છે એમાં અલગ અલગ સ્થળોએ લાગેલા સ્તંભો. નાગયષ્ટિ બહુ જ જૂનો શબ્દ છે. આ નવાં બનતાં તળાવોનું જલસ્તર માપવાના કામમાં આવતો હતો. એના પર સામાન્યતઃ નાગ ઈત્યાદિ કોતરવામાં આવતા હતા. જેના પર નાગનું કોતરકામ ન થયું હોય એવા સાદા સ્તંભોને માત્ર યષ્ટિ કહેતા હતા. ધીમે ધીમે આ શબ્દ ઘસાતાં-ઘસાતાં લાઠ બની ગયો. આને સ્તંભ પણ



કહે છે અને જલથંભ અથવા માત્ર થંભ પણ ક્યાંક આને પનસાલ અથવા પૌસરા કહેવામાં આવે છે. આ થાંભલાઓ અલગ અલગ જગ્યાઓએ લાગે છે. લગાવવાના પ્રસંગો અને પ્રયોજન પણ અલગ-અલગ હોય છે.

સ્તંભ તળાવની વચ્ચોવચ, અપરા ઉપર, મોખી ઉપર એટલે કે જ્યાંથી સિંચાઈ થાય છે ત્યાં અને આગોરમાં લગાવવામાં આવે છે. આમાં ફૂટ-ગજ જેવી કોરી-નીરસ નિશાનીઓની જગ્યાએ શંખ,ચક્ર, નાગ, પદ્મ જેવી સંજ્ઞાઓ કોતરવામાં આવે છે. અલગ-અલગ નિશાની પાણીની ચોક્કસ ઊંડાઈની માહિતી આપે છે. સિંચાઈ માટે બનેલાં તળાવોમાં થાંભલાના એક વિશિષ્ટ ચિન્હ સુધી પાણીની સપાટી ઊતરી ગયા પછી પાણીનો ઉપયોગ તરત રોકીને એને પછી સંકટના સમયે વાપરવા માટે એને અનામત રાખવાની વ્યવસ્થા પણ કરવામાં આવતી હતી. ક્યાંક ક્યાંક પાળ ઉપર પણ સ્તંભ લગાવવામાં આવે છે. પરંતુ પાળના સ્તંભના ડૂબવાનો અર્થ છે. પાલે એટલે કે પ્રાણય થવો.



સ્તંભ પથ્થરના અને લાકડાના પણ બનતા હતા. એવી જાતનું લાકડું પસંદ કરવામાં આવતું હતું કે, જે મજબૂત હોય અને પાણીમાં ન સડે કે ન નરમ પડે. આવા લાકડાનું એક જૂનું નામ ક્ષત્રિય કાષ્ઠ હતું. મોટે ભાગે જાંબુ, સાલ, તાડ અને સરઈનું લાકડું આ કામ માટે વાપરવામાં આવતું હતું. આમાં સાલના લાકડાની મજબૂતી માટેની કેટલીયે કહેવતો આજ પર્યંત વપરાય છે. સાલ વિશે કહેવાય છે કે ''હજાર સાલ ઊભેલો, હજાર સાલ પડેલો અને હજાર સાલ સડેલો.'' છતીસગઢ વિસ્તારના કેટલાંયે જૂના તળાવોમાં આજે પણ સાલના લાકડાનો બનેલો અને તળાવમાં ખોડેલો જલસ્તંભ મળી આવશે. રાયપુરના પુરાતત્વ સંગ્રહાલયમાં આવી કહેવતને ખરી ઠેરવતો સાલ વૃક્ષનો ખરેખર સેંકડો વર્ષ જૂનો એક ટુકડો રાખ્યો છે. આ એક જલસ્તંભનો જ અંશ છે. જે એ જ ક્ષેત્રના ચંદ્રપુર અને આજના બિલાસપુર જિલ્લાના કિરાની ગામમાં આવેલા હીરાબંધ નામના તળાવમાંથી મળ્યો છે. હીરાબંધ બીજી શતાબ્દી પૂર્વેના સાતવાહનના રાજ્યવેળાનો છે. આના પર રાજ્યના અધિકારીઓનાં નામો કોતરેલાં છે જે સંભવતઃ આ ભવ્ય તળાવના ભરાયા પછીના સમારોહમાં ઉપસ્થિત હતા.

પરિસ્થિતિ જો બદલે નહીં તો લાકડું ખરાબ નથી થતું. સ્તંભ હંમેશાં પાણીમાં ડૂબેલા રહેતા હતા એટલે વર્ષો સુધી ખરાબ નહોતો થતા.

ક્યાંક ક્યાંક પાળ અથવા ઘાટની આખીયે દીવાલ ઊપર અલગ અલગ ઊંચાઇ ઉપર ભાત-ભાતની મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. સામાન્યપણે મુખાકૃતિ મૂકાતી હતી. સૌથી નીચે ઘોડો તો સૌથી ઉપર હાથી. તળાવનું વધતું જલસ્તર આને ક્રમિક રીતે સ્પર્શ કરતું જતું હતું અને બધાને ખબર પડી જતી હતી કે આ વેળા પાણી કેટલું ભરાયું છે. આ પ્રકારની શૈલીનું અમર ઉદાહરણ છે જેસલમેરના અમરસાગરની દિવાલ પર મૂકેલી ઘોડા, હાથી અને સિંહની મૂર્તિઓ.

નેષ્ટા સ્તંભ અને ઓગનને એકબીજા સાથે જોડવાથી તો જાણે ચમત્કાર જ થાય છે. અલવરથી અંદાજે એકસો કિ.મી. દૂર અરવલ્લીની પહાડીઓની વચ્ચે વસ્તીથી સારા પ્રમાણમાં દૂર એક તળાવ છે શ્યામસાગર. આ તળાવ સંભવત પંદરમી સદીમાં યુદ્ધના સમયે સેનાની જરૂરિયાત પૂરી કરવા માટે બનાવવામાં આવ્યું હતું. આમાં કિનારા પર વરૂણ દેવતાનો એક થંભ છે. સ્તંભથી એકાદ ફલાંગ દૂર અપરા આવેલું છે. તળાવમાં પાણી ઉપર ચડતું આવે અને જ્યાં વરૂણદેવના પગને અડયું કે તરત જ અપરા ચાલવા માંડે છે અને આથી તળાવમાં આથી વધારે પાણી ભરાતું નથી અને વરૂણદેવ ક્યારેય ડૂબતા નથી.

સ્તંભ તળાવનું જલસ્તર દર્શાવે છે પણ તળાવની ઊંડાઇ મોટેભાગે પુરુષ (પરસ)ના માપથી માપવામાં આવતી હતી. બંને ભૂજાઓ અડખે-પડખે લંબાવીને ઊભેલા પુરૂષના એક હાથથી બીજા હાથ લગીની કુલ લંબાઇ પુરુષ કે પરસ કહેવાય છે. ઇંચ ફૂટમાં આ અંદાજે લગભગ છ ફૂટ થાય છે. આવી વીસ પુરુષ ઊંડાઇનું તળાવ આદર્શ માનવામાં આવતું. તળાવ બનાવનારાઓની ખાસ ઇચ્છા આવા વીસીના આંકડાઓને અડવાની રહેતી હતી પણ બનાવનારની શક્તિ. આગોર અને આગરની ક્ષમતા પ્રમાણે આ ઊંડાઇ વધતી-ઓછી છે.

મોટાભાગે વીસી કે એનાથી પણ વધુ ઊંડા તળાવોમાં પાળને નુકસાન કરતાં મોજાંઓના જોરને તોડવા આગોર અને આગરની વચ્ચે ટાપુ બનાવવામાં આવતા હતા. આવાં તળાવ બનાવતી વેળાએ ઊંડા ખોદાણની સઘળી માટી પાળ પર ચડાવવાની જરૂર રહેતી નથી. આવી સ્થિતિમાં આને હજુ પણ દૂર, એટલે કે તળાવની બહાર લઇ જઇને ફેંકવું પણ ભારે પડે છે. એટલા માટે વીસીથી ઊંડા તળાવોમાં ટેકનીકલ અને વ્યાવહારિક કારણો અનુસાર તળાવની વચ્ચે ટાપુ, જેવા એક કે એકથી વધારે સ્થાન બનાવવામાં આવતા. આની ઉપર ખોદાણની વધારાની માટી પણ નાખવામાં આવતી હતી. ટેકનિકલ મજબૂતી અને

વ્યાવહારિક સુવિધા સિવાય પણ છલોછલ ભરેલાં તળાવોની વચ્ચે ઉપસી આવેલા આ ટાપુ આખાયે દ્રશ્યને વધુ સોહામણું બનાવે છે.

ટાપુ, ટિપુઆ, ટેકરી અને બેટ કે દ્વિપ જેવા શબ્દો આવા અંગ માટે મળે જ છે પણ રાજસ્થાનમાં તળાવના આ ખાસ પ્રકારના ભાગને એક ખાસ નામ આપવામાં આવ્યું છે. લાખેટા.

લાખેટા મોજાંના જોરને તો તોડે જ છે. પણ એ તળાવને અને સમાજને જોડે પણ છે. જયાં કયાંય પણ લાખેટા બનેલો છે, એના ઉપર એ ક્ષેત્રના કોઇને કોઈ સિદ્ધ પુરુષ, સંત, સતી કે સ્મરણમાં રાખવા યોગ્ય વ્યક્તિની સ્મૃતિમાં સુંદર મજાની છતરી બનેલી જોવા મળે છે. લાખેટા જો મોટો બને તો છતરી સાથે સાથે ખીજડા અને પીપળાનાં વૃક્ષો પણ જોવા મળશે.

સૌથી મોટા લાખેટાની શી છે હાલત ? આજેએ લાખેટા ઉપર રેલ્વે સ્ટેશન બનેલું છે, બસ સ્ટેશન છે, અને એક પ્રતિષ્ઠિત માનવામાં આવતો એક ઔદ્યોગિક વિસ્તાર વસેલો છે, જેમાં હિન્દુસ્તાન ઈલેકટ્રો ગ્રેફાઈટસ જેવું ભીમકાય કારખાનું પણ આવેલું છે. મધ્ય રેલ્વે દ્વારા ભોપાલથી ઈટારસીના રસ્તે વચ્ચે આવતું મંડી દ્વીપ નામનું સ્થળ એક જમાનામાં લગભગ ૨૫૦ ચોરસ માઈલમાં ફેલાયેલું આ વિશાળ તળાવ હોશંગશાહના સમયમાં તોડી નાખવામાં આવ્યું હતું. આજે તો એ દબાઈને એકદમ નાનું બની ગયું છે. છતાં પણ આની ગણના દેશના મોટા તળાવમાં થાય છે. આના સૂકાવાથી મંડીદ્વીપ દ્વીપ ન રહેતાં એક ઔદ્યોગિક નગર બની ગયું છે.

પ્રણાલી અને સારણી તળાવની સાથે જોડાયેલા એવા બે શબ્દો છે, જેણે પોતાના અર્થોનો હંમેશાં વિસ્તાર કર્યો છે. એક સમયે તળાવ વગેરેની સાથે જોડયેલો સિંચાઇ વ્યવસ્થા માટે બનેલી નાલીઓનાં નામ હતાં. આજ તો શાસનની પણ પ્રણાલી છે અને રેલગાડીઓનાં સમય બતાવતી સારણી પણ છે.

સિંચાઇ માટેની મુખ્ય નાલી જયાંથી નીકળે છે એ જગ્યા મુખ છે, મોખા છે, અને મોખી પણ છે. મુખ્ય નહેર રજબહા કહેવાય છે અત્યંત વિશિષ્ટ તળાવોની રજબહા આ લોકમાંથી ઉદ્ગમ પામીને દેવલોકને સ્પર્શ કરતી હતી. ત્યારે એનું નામ રામનાલ બની જતું હતું. જેસલમેરના કેવળ રેતીલા રેગિસ્તાની ઈલાકામાં બનેલા ઘટાદાર સુંદર ઉદ્યાન બડા બાગની ભરપુર સિંચાઇ જેતસર નામના એક વિશાળ તળાવમાંથી નીકળેલી રામનાલ દ્વારા જ થતી રહી છે. અહીંનું આંબાવાડિયું અમરાઇ અને બાગ ખરેખર એટલો બધો ઘટ્ટ છે કે મરુભૂમિમાં આગ ઓકતો સૂરજ અહીં કદાચ આવતો હશે તો પણ કેવળ ઠંડક લેવા અને તે પણ લીલા રંગમાં રંગાઈને.

રજાબહામાંથી નીકળેલી અન્ય નહેરો બહતોલ, બરહા, બહિયા બહા અને બાહ પણ કહેવાય છે. પાણી નીકળવા માટેના રસ્તાઓ પર પછીથી વસેલા વિસ્તારોનાં નામકરણ પણ આના જ આધાર પર થયાં છે. જેવી રીતે આગરાનો બાહ નામનો તાલુકો.


સિંચાઈના હેતુ માટે બનેલાં નાનામાં નાના તળાવોમાં પણ પાણી કાઢવા માટેનો બહુ જ વ્યવસ્થિત પ્રબંધ થતો રહેલો છે. પાળના કોઈ ભાગમાંથી આરપાર કાઢવામાં આવતી નાલીનો એક છેડો તળાવની બાજુ ડાટો લગાવીને બંધ રાખવામાં આવે છે. જયારે પાણી કાઢવું હોય ત્યારે ડાટો ખોલી નાંખવામાં આવે છે. પણ આમ કરવા કોઈને પાણીમાં ડૂબકી લગાવવી પડશે, એટલી ઊંડાઈએ જઈને ડાટો કાઢવો પડશે અને પછી ફરીથી એ રીતે બંધ પણ કરવો પડશે. આ સાહસિક કામને સરળ સુલભ બનાવે છે તળાવનું ડાટો નામનું અંગ.

ડાટો પાળ તરફથી તળાવના અંદરના ભાગમાં બનેલો એક નાનો એવો પરંતુ ઊંડો હોજ જેવો ઢાંચો છે. આ ચોરસ હોજ મોટેભાગે બે થી ત્રણ હાથ માપનો હોય છે. પાણીની બાજુવાળી દિવાલમાં જરૂરિયાતના પ્રમાણમાં બે-ત્રણ કાણાં અલગ અલગ ઊંચાઈ પર કરવામાં આવે છે. કાણાંનો આકાર માણ એક વેંત જેટલો અથવા તો લાકડાના એક લઠ્ઠાથી સરળતાથી બંધ કરી શકાય એટલુ અને સામેની દિવાલમાં પણ આ રીતે જ કાણાં હોય છે, માત્ર નીચે તળિયામાં આનાથી પાળની પેલી બાજુ નાલી વડે પાણી બહાર કાઢી શકાય છે. હોજની ઊંડાઈ આઠથી બાર હાથ જેટલી હોય છે અને હોજમાં નીચે ઊતરવા માટે હોજની દિવાલમાં જ એક એક હાથની ઊંચાઈ ઉપર પત્થરનાં ચણેલાં પગથિયાં ચણેલાં હોય છે.

આ રચનાને કારણે પાણીનો ડાટો ખોલવા માટે તળાવના પાણીમાં ઉતરવું પડતું નથી. બસ સૂકા હોજમાં પથ્થરનાં પગથિયાંના સહારે નીચે ઉતરીને જે કાણાંને ખોલવાનું છે, એનો ડાટો હટાવી લઈને પાણી ચાલુ કરી દેવામાં આવે છે. પાળ તરફની નાલી દ્વારા એ બહાર નીકળવા માંડે છે. ડાટાને મળતી વ્યવસ્થા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર ગોવા અને છેક તમિલનાડુ. લગી જોવા મળે છે. પ્રદેશ મુજબ જો કે નામ બદલી જાય છે. જેમ કે ચુકરૈંડ, ચુરંડી, ચૌંડા, ચુંડા અને ઉરૈંડ બધામાં જ પાણી બહાર ઉલેચવાની જ ઝાંખી જોવા મળે છે.

તળાવમાંથી નહેરમાં ઠાલવવામાં આવેલું પાણી ઢાળ દ્વારા વહાવીને દૂર દૂર લઈ જવામાં આવે છે પણ કેટલાંક મોટાં તળાવોમાં જયાં મોખીની પાસે પાણીનું દબાણ વધારે પડતું હોય છે ત્યાં આ દબાણનો ઉપયોગ નહેરમાં પાણીને ઉપર ચડાવવા માટે પણ કરવામાં આવે છે. આ રીતે મોખીમાંથી નીકળેલું પાણી કેટલાક હાથ ઉપર ચડીને પછી નહેરના ઢાળમાં વહેવા લાગે છે. ત્યારે એ દૂર સુધી જાય છે એમ નહીં પણ થોડે ઊંચે આવેલાં ખેતરો સુધી પણ પહોંચી શકે છે.

મુખ્ય નહેરની બંને તરફ થોડા થોડા અંતરે કૂવા પણ બનાવવામાં આવે છે. આના પર રહેંટ લગાવીને પાણી ખેંચી લેવામાં આવે છે. તળાવ, નહેર, કૂવા અને રહેંટની આ શાનદાર ચોકડી એક પછી એક કેટલાંય ખેતરોને પિયત કરાવતી જાય છે. આ વ્યવસ્થા બુંદેલખંડમાં ચંદેલા-બુંદેલાના સમયમાં બનેલા એક-એક હજાર એકરમાં પથરાયેલા બરૂઆ સાગર, અરજનસાગરમાં આજે પણ કામ આપી રહી છે. બરૂઆ સાગર ઓરછા નરેશ ઉદિતસિંહે અને અરજન સાગર સુરજસિંહે ક્રમશઃ સન્૧૭૩૭ અને ૧૬૭૧માં બનાવડાવ્યાં હતાં. આ તળાવોની નહેરો આજે પણ ઉત્તર પ્રદેશ સિંચાઇ વિભાગની પ્રતિષ્ઠા વધારી રહી છે.



પાણીની ચોરી ? બધી જ વ્યવસ્થા સુચારુ રૂપે થઈ જાય પણ જો પાણી ચોરી રોકવામાં ન આવે તો ખાસ્સું મોટું તળાવ પણ જોતજોતામાં સૂકાઇ જાય છે. વર્ષામાં છલોછલ ભરેલું શરદમાં ચોખ્ખા ચણક વાદળી રંગે રંગાયેલું, શિશિરમાં શીતળ બનેલું, વસંતમાં ઝૂમતું પણ ગ્રીષ્મમાં ? તપતો સૂરજ તળાવનું બધું એ પાણી ખેંચી લેશે. કદાચ તળાવના સંદર્ભમાં જ સૂરજનું એક વિચિત્ર નામ પાણી ચોર (અંબુ તસ્કર) રાખવામાં આવ્યું છે. ચોર હોય સૂરજ જેવો અને આગર એટલે કે ખજાનો હોય ચોકીદારી વિનાનો તો પછી ચોરી થવામાં વાર શું લાગે ?

આ ચોરીને અટકાવવા માટે પૂરતી કોશિશ કરવામાં આવે છે, તળાવના આગરને ઢાળવાળું બનાવીને જ્યારે પાણી ઘટવા માંડે છે, તો ઓછા જથ્થાનું પાણી વધુ વિસ્તારમાં ફેલાતું રોકવામાં આવે છે. આગરમાં ઢાળ હોવાથી ઓછી માત્રાનું પાણી પણ બહુ નાના હિસ્સામાં વધારે માત્રામાં રહી શકે છે અને ઝડપથી વરાળ બનીને ઊડી જતું અટકે છે. ઢાળવાળી સપાટીમાં સામાન્યતઃ થોડી ઊંડાઇ પણ રાખવામાં આવે છે. આવા ઊંડા ખાડાને અખડા કે પિયાલ કહે છે. બુંદેલખંડ તરફનાં તળાવોમાં આને ભર કહે છે. ક્યાંક ક્યાંક આને ભંડારો અથવા ગર્લ નામથી પણ ઓળખે છે. આ અંગનું સ્થળ મુખ્ય

ઘાટની તરફ રાખે છે, અથવા તળાવની વચ્ચોવચ. વચમાં ઊંડુ હોવાથી ગરમીના દિવસોમાં ચારે તરફથી તળાવ સૂકાવા લાગે છે. આવે સમયે ઘાટ તો દૂર રહી જાય છે. આ દ્રશ્ય સારું નથી લાગતું. એટલા માટે ઘાટ બાજુ પિયાલ રાખવાનું ચલણ વધારે રહયું છે. ત્યારે ત્રણ તરફથી પાણીની થોડી-ઘણી ચોરી થતી રહે છે, પરંતુ ચોથી મુખ્ય ભુજામાં પાણી બરાબર રહે છે.

ગ્રીષ્મ ઋતુ પૂરી થાય ન થાય ત્યાં તો વાદળાંઓ ફરીથી આવી ચડે છે. આગોર વડે આગર ભરાય છે અને સાગર વળી પાછો લહેરાવા લાગે છે.

સૂરજ પાણી ચોરે છે તો એ જ સૂરજ પાણી આપે પણ છે.

# સાફ માથાનો સમાજ

તળાવમાં પાણી આવે છે અને જાય છે. આ આવક-જાવકની અસર આખાયે તળાવ પર પડે છે. જોરથી આવતા વરસાદથી આગોરમાં માટી ધોવાય છે તો એ માટી આગરમાં આવે છે. પાળની માટી કપાય છે તો એ પણ આગરમાં આવીને ભરાય છે.

તળાવનું સ્વરૂપ બગડવાનો આ ખેલ નિયમિત ચાલતો રહે છે. એટલા માટે તળાવ બનાવનારા લોકો, તળાવ બનાવનારો સમાજ તળાવના સ્વરૂપને બગડવાથી બચાવવા માટેનો ખેલ પણ એટલા જ નિયમપૂર્વક ખેલી રહેલો છે. જે તળાવને જોતજોતામાં પાછલાં પચીસ-સો વર્ષોમાં ખત્તમ કરી નાંખ્યા છે, એ તળાવોએ નિયમથી રમાયેલી રમતોને કારણે સૈંકડો વર્ષો સુધી સમાજની રમત બરાબર રમી હતી.

તળાવ બનીને તૈયાર થઇ ગયા પછી પ્રથમ પહેલીવાર પાણી આવ્યું નથી કે તળાવના રખોપાનું, સાર-સંભાળનું કામ શરૂ થઇ જતું હતું. આ સરળ નહોતું, પરંતુ દેશના એક ખૂણાથી બીજા ખૂણા લગી હજારો તળાવોને સમાજે જ કામ આપતાં રાખવાનાં હતાં, એટલા માટે એમણે આ કઠણ કામને બધી જગ્યાએ એટલું બધું વ્યવસ્થિત બનાવી લીધેલું હતું કે આ બધું બિલકુલ સહજ રીતે બનતું રહેતું હતું.

આગૌરમાં પગલાં પડયાં નહીં કે સાર-સંભાળનું સૌ પ્રથમ કામ જોવા મળી જશે. દેશના કેટલાયે વિસ્તારમાં તળાવના આગૌરનો આરંભ થતાંની સાથે જ એની જાણ પથ્થરના સુંદર સ્તંભ ઊભા કરેલા જોવા મળે છે. સ્તંભ જોઇને જ તમે સમજી જાઓ છો કે તમે અત્યારે આગોરમાં ઊભા છો, અહીંથી જ પાણી તળાવમાં જઇને ભરાશે. એટલા માટે આ જગ્યાને સ્વચ્છ રાખવાની છે, પગરખાં વગેરે પહેરીને આગોરમાં જવાનું નથી, ઝાડો-પેશાબ તો ઠીક પણ અહીં થૂંકવાની પણ મનાઈ છે. ''બુટ-ચંપલ પહેરીને જવાની મનાઇ છે'' થૂંકવાની મનાઇ છે જેવાં બોર્ડ ઠોકવામાં આવતાં નહોતાં પણ બધા લોકો સ્તંભ જોઇને આ બાબતોનું સંપૂર્ણ ધ્યાન રાખતાં હતાં.

આગરના પાણીની સફાઇ અને શુદ્ધતા જાળવી રાખવાનું કામ તો પહેલા દિવસથી જ

શરૂ થઇ જતું હતું. નવા બનેલા તળાવમાં જે દિવસે પહેલું પાણી ભરાતું, એ દિવસે જાહેર સમારંભ યોજીને વિધિપૂર્વક એમાં જીવજંતુ લાવી છોડવામાં આવતાં હતાં. આમાં માછલીઓ, કાચબા, કરચલા અને તળાવ મોટું અને ઊંડુ હોય તો એમાં મગર પણ લાવીને છોડવામાં આવતા હતાં. ક્યાંક-ક્યાંક જીવતા પ્રાણીઓની સાથે સાથે શક્તિ અનુસાર સોના અથવા ચાંદીના બનેલાં જીવ-જંતુ અર્પણ કરવામાં આવતાં હતાં. મધ્યપ્રદેશના રાયપુર શહેરમાં હજુ હમણાં જ લગભગ પચાસ-પચાવન વરસ પહેલાં એક તળાવમાં સોનાની નથ પહેરાવીને કાચબાને છોડવામાં આવ્યા હતા.

પહેલા વર્ષે પાણીમાં કોઇક વિશેષ પ્રકારની વનસ્પતિ પણ નાખવામાં આવતી હતી. જુદા જુદા વિસ્તાર અનુસાર આના પ્રકારો બદલતા રહેતા હતા, પણ કામ એક જ હતું પાણીને સાફ રાખવું, મધ્યપ્રદેશમાં આ (ગદિયા) અથવા (ચીલા) હતી તો રાજસ્થાનમાં કુમુદિની(નિર્મા) કે ચાક્ષુસ હતાં. ચાક્ષુસમાંથી જ ચાકસૂ શબ્દ બન્યો છે. ક્યારેક કોઇક એવો સમય આવ્યો હશે કે તળાવના પાણીની સફાઇ માટે ચાકસૂ રોપનું ચલણ ખૂબ વધી ગયું હશે. આજના જયપુર ના એક મોટા કસ્બાનું નામ ચાકસૂ છે. આ નામકરણ સંભવ છે કે ચાકસૂ વનસ્પતિ તરફ કૃતજ્ઞતા બતાવવા માટે કરવામાં આવ્યું હોય.

પાળની ઉપર પીપળ; વડ અને ઉંબરાના વૃક્ષ ઉગાડમાં આવતાં. તળાવ અને આ વૃક્ષોની વચ્ચે ઉંમરની બાબતમાં હમેશાં જાણે કે હોડ-હરીફાઇ લાગેલી રહેતી. કોણ વધુ ટકે છે/ વૃક્ષ કે તળાવ ? પણ આ પ્રશ્ન મોટેભાગે અનુત્તરિત જ રહયો છે. બંનેને એકબીજાની ભાઇબંધી એવી ગમી ગઇ કે ઉપેક્ષાના આ તાજા અરસામાં જે પણ પહેલાં ગયું, બીજું શોકમાં એની પાછળ-પાછળ ચાલ્યું ગયું છે તો તળાવ પણ થોડા સમયમાં સૂકાઇને પુરાઇ ગયું

તળાવની આસપાસ આંબા ખૂબ લગાવવામાં આવતા હતા. જો કે પાળ ઉપર ઓછા, પણ પાળની નીચે તરફની જમીનમાં ખૂબ જોવા મળે છે. છત્તીસગઢ વિસ્તારમાં ઘણાં બધાં તળાવોમાં શીતળામાતાનો વાસ માનવામાં આવે છે અને એટલે આવાં તળાવોની પાળ ઉપર લીંમડાનાં વૃક્ષો અચૂક લગાવવામાં આવતાં હતાં. વૃક્ષ વગરની પાળની સરખામણી મૂર્તિ વિનાના મંદિર જેવી પણ કરવામાં આવી છે.

બિહાર અને ઉત્તરપ્રદેશના અનેક ભાગોમાં પાળ ઉપર (અરહર)નાં વૃક્ષો પણ લગાવવામાં આવતાં હતાં. આ વિસ્તારોમાં નવા તૈયાર થયેલાં તળાવની પાળ પર થોડા સમય સુધી સરસવના ખોળની ધૂણી કરવામાં આવતી હતી. જેથી નવી પાળમાં ઉંદર વગેરે દર બનાવીને પાળને કાચી ન બનાવી નાખે.

આ બધાં કામો એવાં છે કે જેને તળાવ બન્યા પછી એક વાર કરવાં પડે છે, અથવા જો બહુ જ જરૂરી હોય તો એકાદ વધારે વખત, પરંતુ માટી તો તળાવમાં દર વર્ષે ભરાય છે. એટલા માટે એને દર વર્ષે કાઢયા કરવાની ગોઠવણ સુંદર નિયમોમાં બાંધીને કરવામાં આવી હતી. કયાંક કાદવ કાઢવાના કઠણ કામને એક ઉત્સવ, તહેવારનું રૂપ આપીને આનંદનો અવસર બનાવવામાં આવ્યો હતો તો કયાંક આને માટે એવી ચોકકસ વ્યવસ્થા કરી લેવામાં આવી હતી કે જે રીતે આ માટી ગુપચુપ તળાવમાં આવીને બેસી જતી હતી એ જ પ્રમાણે ચુપચાપ એને બહાર કાઢીને પાળ પર ભરી દેવાતી હતી.

કાંપ કાઢવાનો સમય અલગ-અલગ ક્ષેત્રોમાં ૠતુ અનુસાર નકકી કરવામાં આવતો હતો. એ વખતે તળાવમાં પાણી ઓછામાં ઓછું રહેવું જોઈએ. ગોવા અને પશ્ચિમઘાટના તટીય વિસ્તારોમાં આ કામ દીપાવલી પછી તરત જ કરાય છે. ઉત્તરના બહુ મોટા ભાગમાં નવા વર્ષ એટલે કે ચૈત્ર માસના જરા પહેલાં, જયારે છત્તીસગઢ, ઓરિસ્સા, બંગાળ, બિહાર અને દક્ષિણમાં વરસાદના આગમન પહેલાં ખેતરોની તૈયારી કરતી વખતે.

આજે તળાવોથી કપાયેલો સમાજ એનો ચલાવવાનારું પ્રશાસન તળાવની સફાઈ અને માટી કાઢવાનું કામ એક મોટી, ગંભીર સમસ્યાની માફક જુએ છે અને એનો ઉકેલ શોધવાને બદલે જાત-જાતનાં બહાનાં શોધે છે. એમના હિસાબે આ કામ ખર્ચાળ છે. કેટલાય કલેકટરોએ વખતો વખત પોતાના ક્ષેત્રમાં તળાવોમાંથી માટી ન કાઢી શકવાનું એક મોટું કારણ એ બતાવ્યું છે કે એનો ખર્ચ એટલો ભારે છે કે એનાથી તો નવું તળાવ બનાવવું સસ્તું પડે. જૂનાં તળાવો સાફ તો થયાં નહીં અને નવાં તો કયારેય બન્યાં જ નહીં. કીચડ તળાવોમાં નહીં, નવા સમાજના માથામાં ભરાઈ ગયો છે.


ત્યારે સમાજનું માથું સાફ હતું. એણે માટીને એક સમસ્યાની જેમ નહીં પણ તળાવના પ્રસાદની જેમ ગ્રહણ કરી હતી. પ્રસાદને ગ્રહણ કરવા માટેનાં પાત્રો હતાં ખેડૂત, કુંભાર અને ગૃહસ્થ. આ પ્રસાદને લેવાવાળો ખેડૂત પ્રતિ ગાડીના હિસાબે માટી ખોદતો, પોતાની ગાડીમાં એને ભરીને પોતાના ખેતરમાં પહોંચાડીને ખેતરની ફળદ્રુપતા કાયમ રાખતો. આ પ્રસાદના બદલામાં તે પ્રતિગાડીના હિસાબે તે કંઈક રોકડા અથવા આવેલા પાકનો કેટલોક અંશ ગ્રામકોષમાં જમા કરાવતો હતો અને પછી આ કોષની મદદથી તળાવોની મરામત થતી હતી. આજે પણ છત્તીસગઢ વિસ્તારમાં આવી માટી કાઢવાનું કામ મુખ્યત્વે ખેડૂત પરિવારો જ કરે છે. ઊંડાણના કેટલાય ઘરોમાં તળાવની માટીથી માથું ધોવાનો અને નહાવોના રિવાજ છે આજ તો સાબુ પહોંચ્યા હોવા છતાં અને નહાવા માટે તળાવની ઠરેલી માટી વપરાય છે.

બિહારમાં આ કામને ઉડાહી(ઠરેલી માટીને કાઢવી) કહે છે. ઉડાહી સમાજની સેવા છે. શ્રમદાન છે. ગામના દરેક ઘરમાંથી કામ કરવા શકિતમાન સભ્ય તળાવ ઉપર એકઠા

થતા હતા. દરેક ઘર બેથી પાંચ મણ માટી કાઢતા હતા. કામના સમયે એ જ ગોળનું પાણી વહેંચાતુ હતું. પંચાયતમાં દંડની રકમ જમા આવી હોય એનો એક ભાગ ઉડાહીના સંયોજનમાં વપરાતો હતો.

દક્ષિણમાં ધર્માદા પ્રથા હતી. કયાંક-કયાંક આ કામને માટે ગામની જમીનનો એક ભાગ દાન કરવામાં આવતો હતો અને એની આવક કેવળ કાંપ કાઢવાને માટે વપરાતી હતી. આવી જમીનને કોડગે કહેતા હતા.

રાજ અને સમાજ કમર કસી લે તો પછી કોઈ પણ કામમાં ઢીલ કેમ આવે ? દક્ષિણમાં



તળાવની સાર-સંભાળની બાબતમાં રાજ અને સમાજનો તાલમેળ બહુ જ વ્યવસ્થિત હતો. રાજના ખજાનામાંથી આ કામ માટે અનુદાન મળતું હતું પણ એની સાથે સાથે દરેકે દરેક ગામમાં આ કામને માટે એક અલગર ખજાનો બની જાય, એવી પણ વ્યવસ્થા હતી.

દરેક ગામમાં થોડી જમીન, થોડાં ખેતરો, અથવા ખેતરનો થોડો ભાગ તળાવની વ્યવસ્થા માટે અનામત રાખવામાં આવતો હતો. આના પરનું મહેસૂલ માફ હતું. આવી જમીન માન્યમ્ કહેવાતી. માન્યમ્માંથી થતી બચત, આવક અથવા તો થતો પાક તળાવની સાથે જોડાયેલાં વિવિધ કામો કરવાવાળા લોકોને આપવામાં આવતી હતી. જેટલા પ્રકારના કામ એટલા પ્રકારનાં માન્યમ્. જે કામ જયાં થાય છે એનો ત્યાં જ પ્રબંધ કરવામાં આવતો, ત્યાં જ એનો ખર્ચ પણ મેળવી લેવાતો હતો.

અલૌતિ માન્યમ્ દ્વારા શ્રમિકોના પારિશ્રમિકની વ્યવસ્થા કરવામાં આવતી હતી. અણૈંકરણ માન્યમ્ આખાય વર્ષ દરમિયાન તળાવની દેખરેખ કરવાવાળાઓ માટે હતું. આના વડે એ પરિવારનો ગુજરો ચાલતો હતો કે જેઓ તળાવની પાળ પર પશુઓને જતાં અટકાવવાનું કામ કરતા હતાં. પાળની માફક તળાવના આગોરમાં પણ પશુઓના આવવા જવા પર પ્રતિબંધ હતો. આ કામમાં પણ લોકો આખુંયે વર્ષ લાગ્યા રહેતા. એમની વ્યવસ્થા બંદેલા માન્યમ્ દ્વારા કરવામાં આવતી હતી.

તળાવની સાથે જોડાયેલાં ખેતરોમાં પાકની વાવણીથી માંડીને તે મોલની લણણી સુધી પશુઓને ખેતરોમાં જતાં રોકવાં એ એક નિશ્ચિત અવધિ સુધી ચાલવાવાળું કામ હતું. આ પણ બંદેલા માન્યમ્ વડે કરાતું હતું અને આ કામ કરવાવાળા પટ્ટી કહેવાતા હતા.

સિંચાઈ કરતી વેળા નહેરનો ડાટો ખોલવો, સમય પર પાણી પહોંચાડવું એક અલગ જવાબદારી હતી. આ સેવાને નીરમુનક્ક માન્યમ્ દ્વારા પૂર્ણ કરવામાં આવતી હતી. ખેડૂત કયાંક પાણીને વેડફી તો નથી નાખતા ને ! આની તકેદારી રાખવાનારાને મહેનતાણું કુલમુકવલ માન્યમ્માંથી મળતું હતું.

તળાવમાં કેટલું પાણી આવ્યું છે, કેટલાં ખેતરોમાં શું શું વાવેતર કરવામાં આવ્યું છે, કોને કેટલું પાણી જોઈશે જેવા પ્રશ્નો નીરઘંટી કે નીરૂકટ્ટી હલ કરતા હતા. આ પદ દક્ષિણમાં માત્ર હરિજન પરિવારને જ મળતું હતું. તળાવના જલસ્તરને જોઈને ખેતરોમાં એની ન્યાયિક વહેંચણીના બારીક હિસાબ-કિતાબની ખાસ ક્ષમતા નીરૂકટ્ટીને વારસામાં મળતી હતી. આજના કોઈ નવા સમાજશાસ્ત્રીઓનું કહેવું છે કે હરિજન પરિવારોને આ પદ સ્વાર્થવશ આપવામાં આવતું હતું. કારણ કે આ પરિવારોની પાસે જમીન નહોતી એટલા માટે જમીનદારોના ખેતરોમાં પાણીના કોઈ પણ ઝગડામાં તે નિષ્પક્ષ રહીને કામ કરી શકતા

હતા. જો કેવળ ભૂમિહીન હોવું જ યોગ્યતાનો આધાર હતું તો ભૂમિહીન બ્રાહ્મણ તો હંમેશાં મળી જ રહેતા હતા ! પણ, આ વાતોને અહીં જ છોડીને ફરી પાછા પહોંચીએ માન્યમ્ પાસે.

કેટલાંય તળાવોનું પાણી સિંચાઇ ઉપરાંત પીવાનાં કામમાં પણ આવતું હતું. આવાં તળાવોમાંથી પાણી ભરીને ઘર સુધી લાવતા પાણીવાળા મજૂરોને ઉરાણી માન્યમ્‌માંથી વેતનની વ્યવસ્થા થતી હતી.

ઉપ્પાર અને વાદી માન્યમ્ વડે તળાવોની સામાન્ય દુરસ્તી કરવામાં આવતી હતી. વાયક્કલ માન્યમ્ દ્વારા તળાવ ઉપરાંત એમાંથી નીકળતી નહેરોની દેખરેખ માટે ખર્ચ વહન થતો હતો. પાળથી માંડીને તે છેક નહેર લગી વૃક્ષો લગાવવામાં આવતાં હતાં અને આખાયે વર્ષ દરમિયાન એની સાર-સંભાળ, દેખરેખ, છાંટણી, કપાઇ ઇત્યાદિ કામ ચાલતું હતું. આ આખીય જવાબદારી માનલ માન્યમ્ વડે સંપન્ન થતી હતી.

ખુલગા માન્યમ્ અને પાટુલ માન્યમ્ મરામત ઉપરાંત એ વિસ્તારમાં બનતાં નવાં તળાવોને ખોદવામાં થતા ખર્ચનો વહીવટ કરતાં હતાં.

એક તળાવ સાથે જોડાયેલાં આટલાં બધાં પ્રકારનાં કામો, જુદા જુદા પ્રકારની અનેક વ્યવસ્થા આખુંયે વર્ષ બરાબર સુચારુ રૂપે ચાલે એ સંભાળવું એ પણ એક કામ હતું. કયા કામમાં કેટલા લોકોને લગાડવાના છે, કયાંથી કેટલાને ઘટાડવાના છે આ આખુંયે સંયોજન કરૈમાન્યમ્ વડે પૂર્ણ કરવામાં આવતું હતું. આને કુલમ વેટ્ટુ કે કણ્મોઇ વેટ્ટુ પણ કહેતા હતાં.

દક્ષિણનું આ નાનું અને સામાન્ય વર્ણન તળાવ અને તેની સાથે જોડાયેલી તમામ વ્યવસ્થાની યાદ ન લઇ શકે. એ તો અથાહ છે આવી જ અને આને મળતી વ્યવસ્થાઓ દરેક ક્ષેત્રોમાં ઉત્તરમાં, પૂર્વ-પશ્ચિમમાં પણ રહી જ હશે. પરંતુ કેટલાંક કામો તો ગુલામીના કાળમાં જ તૂટયાં અને પછી વિચિત્ર આઝાદીના આ ૬૦ વરસોમાં તો બધુ વેરવિખેર થઇ ગયું.

પરંતુ ગેંગજી કલ્લા જેવા માણસો આ તૂટેલા-ફૂટેલા સમાજમાં વેરણ-છેરણ થઇ ગયેલી વ્યવસ્થાને પોતાની ઢબે વ્યવસ્થિત કરવા માટે આવતા રહયા છે.

નામ તો હતું ગાંગજી પણ પછી કોણ જાણે કેમ પણ ગેંગજી બની ગયું. એમનું નામ સ્નેહ, આત્મીયતાને કારણે બગડયું કે ઘસાયું હશે પરંતુ એના શહેરને કેટલાંક સો વર્ષોથી ઘેરીને ઊભેલાં આઠ ભવ્ય તળાવ સાર-સંભાળની સારી વ્યવસ્થાના તૂટી ગયા પછી ધીરે ધીરે આવી રહેલી ઉપેક્ષાને કારણે ઘસાવા - બગડવા લાગ્યાં હતાં. અલગ અલગ પેઢીઓએ આને અલગ-અલગ સમયમાં બનાવ્યાં હતાં, પણ આઠમાંથી છને સાંકળના રૂપે બાંધ્યા

હતાં. આની સાર-સંભાળ પણ એ પેઢીઓએ સાંકળે બાંધીને રાખી હશે. સાર સંભાળની એ વ્યવસ્થિત કડી એ પછી કયારેક તૂટી ગઇ.

પણ, આ કડીનો તૂટવાનો અવાજ ગેંગજીના કાનમાં કયારે પડઘાયો, ખબર નથી. પણ આજે જે નાનાં-મોટાં ફલોદી શહેરોમાં વસે છે, તેઓએ એકમાત્ર ગેંગજીની છબી યાદ રાખી છે. ફાટેલી-તૂટેલી ચપ્પલ પહેરી ગૈંગજી સવારથી સાંજ સુધી આ આઠ તળાવોનાં ચક્કર કાપતો હતો. નહાવાના ઘાટ પર, પાણી ભરવાના ઘાટ પર, કોઇને જો ગંદકી ફેલાવતાં જુએ તો એમને વડીલની માફક ઠપકો આપતો હતો.

કયારેક એ પાળનું તો કયારેક વળી એ ઓવરાનું નિરીક્ષણ કરતા. કયાં કયા તળાવમાં કેવા પ્રકારની મરામતની જરૂર છે એની મનમાં યાદી બનાવે. આ તળાવો પર આવતાં બાળકોની સાથે પોતે રમતો અને જાત-જાતની રમતો રમાડતો. શહેરને ત્રણ બાજુથી ઘેરીને ઊભેલાં તળાવોનો એક ફેરો લગાવવા માટે લગભગ ત્રણ કલાક લાગે. ગેંગજી કયારેક સવારે અહિંયા જોવા મળતો તો બપોરે ત્યાં અને તળાવોનો રખેવાળ બની ગયો હતો.

વર્ષાંતે એક એવો સમય આવતો જયારે ગેંગજી તળાવોને બદલે શહેરની ગલીએ ગલીઓમાં ઘૂમતા જોવા મળતા. સાથે હોય બાળકોની ફોજ દરેક ઘરનો દરવાજો ખુલ્યા પછી એમને વગર માંગ્યે એક રૂપિયો મળી જતો. વરસોથી દરેક ઘરવાળા જાણતા હતા કે ગેંગજી માત્ર એક રૂપિયા જ માગે છે ન વધુ ન ઓછું. રૂપિયા એકઠા કરવાનું કામ પુરુ થાય કે તરત જ શહેર આખાનાં બાળકોને ભેળા કરે. બાળકોની સાથે તગારાં, ઘમેલાં, પાવડા, કોદાળી પણ ઢગલો એક આવે. પછી એક પછી બીજું એક તળાવ સાફ થવા લાગે. કાંપ કાઢીને પાળ ઊપર નાખવામાં આવતો. દરેક તળાવના ઓગરાનો કચરો પણ આ જ પ્રમાણે સાફ કરવામાં આવે. એક તગારા માટીના બદલામાં બાળકોને બે આના ઇનામ મળતું.

ગૈંગજી કલ્લા કયારથી આ કામ કરી રહયો હતો આજે કોઇને પણ યાદ નથી. બસ એટલું જ યાદ છે કે આ કામ સને ૫૫-૫૬ સુધી ચાલતું રહયું -એમના મૃત્યપર્યંત.

શહેરને આ મૃત્યુ જેવું સંભારણુ બીજુ નથી. સમગ્ર શહેર નિરપવાદ રીતે સામેલ હતું એમની અંતિમયાત્રામાં. એક તળાવના નીચવાસમાં જ બનેલા ઘાટ પર એમનો અંતિમ સંસ્કાર થયો. પછીથી ત્યાં જ એમની સમાધિ બનાવવામાં આવી.

જે કોઇ તળાવ બનાવતું હતું, સમાજ એમને સંત બનાવી દેતો હતો. ગૈંગજીએ તળાવ તો જો કે નહોતું બનાવ્યું પણ પહેલાં બનેલાં તળાવની રખેવાળી કરી હતી. તેઓ પણ સંત બની ગયા હતા.

ફલોદીમાં તળાવોની સફાઈનો ખેલ સંત રમાડતો હતો તો જેસલમેરમાં આ ખેલ ખુદ રાજા રમતા હતો.

બધાને પહેલેથી જ ખબર રહેતી હતી તો પણ શહેર આખામાં ઢંઢરો પીટાતો હતો. રાજા તરફથી, વર્ષના અંતિમ દિવસે, ફાગણ વદી ચૌદશે નગરના પ્રમુખ સરોવર ઘડસીસર ઉપર ઉલ્લાસ (લ્હાસ) ખેલવાનું તેડું છે. એ દિવસે રાજા, એમનો આખોયે પરિવાર, દરબારીઓ, લશ્કર અને આખીયે વસ્તી કોદાળી, પાવડા અને તગારાં લઈને ઘડસીસર પર એકઠી થતી. રાજા તળાવની માટી ખોદીને પહેલું તગારું ભરતો અને એને પોતે જાતે જ ઉપાડીને પાળ ઉપર ઠાલવતો. બસ વાજતે-ગાજતે લ્હાસ શરૂ થતો.વસતી બધીનું ખાવા-પીવાનું રાજા તરફથી થતું. રાજા અને પ્રજા બધાયના હાથ માટીથી રંગાઈ જતા. રાજા એવા તન્મય થઈ જતા કે એ દિવસે એમના ખભા સાથે કોઈનો પણ ખભો અથડાઈ જતો, દરબારમાં એ સુલભ નહોતું, આજેએ તળાવના દરવાજે માટી ઉઠાવે છે. રાજાની સુરક્ષા કરવાવાળા એમના અંગરક્ષકો પણ માટી ખોદે છે, માટી ઉપાડે છે.

આવા જ એક લ્હાસના ઉત્સવ સમયે જેસલમેરના રાજા તેજસિંહ ઉપર હુમલો થયો હતો. તેઓ પાળ પર જ મરાયા. પરંતુ લ્હાસ ખેલવાનું બંધ ન થયું. એ ચાલતું રહયું, ફેલાતું રહયું. મધ્ય પ્રદેશના ભીલ સમાજમાં આજે પણ લ્હાસ ખેલાય છે, ગુજરાતમાં પણ લ્હાસનો રિવાજ છે. અહીં આ પરંપરા તળાવોથી આગળ વધીને સમાજના એવા કામની સાથે જોડાઈ ગઈ હતી, જેમાં સહુની મદદ જોઈએ.

સહુને માટે સૌની મદદ. આ પરંપરાથી તળાવો બનતાં હતાં, આનાથી એની સાર-સંભાળ લેવાતી હતી. માટી ખોદાતી હતી, માટી નંખાતી હતી. સમાજનો ખેલ લ્હાસના ઉલ્લાસ વડે ચાલતો હતો.

# સહસ્ત્રનામ

ઉલ્લાસની ઉંચાઇને દર્શનના ઊંડાણ સાથે જોડવાનારા લોકો સમગ્ર જીવનને કેવળ પાણીનો એક પરપોટો માનતા રહયા છે અને આ સંસારને વિશાળ સાગર. આમાં પેઢીઓ આવે છે, પેઢીઓ જાય છે, યુગ આવે છે યુગ જાય છે બરાબર સાગરનાં મોજાંઓની જેમ. જીવન અને મૃત્યુનાં મોજાંઓથી લહેરાતા આ ભવસાગરમાંથી પાર ઉતરવા માટેનું લક્ષ્ય રાખનારા સમાજે ભાતભાતનાં તળાવો બનાવ્યાં છે અને બહુ જ હોંશપૂર્વક એનાં નામાભિધાન કર્યા છે. આ નામો તળાવોના ગુણો થી, સ્વભાવ પરથી તો કયારેક વળી કોઇ ખાસ બનાવ કે ઘટના પરથી રાખવામાં આવતાં હતાં. કેટકેટલાં નામો, કેટકેટલા પ્રકારો કયાંક ભાષાનો કોષ ટૂંકો પડે તો બોલીમાંથી ઉધાર લેતા હતા, તો કયારેક વળી સંસ્કૃત સુધી પહોંચી જતા હતા.

સાગર, સરોવર અને સર તો બધેય જોવા મળશે. સાગર કયાંક લાડ પ્યારમાં સાગરા બની જાય છે અને મોટે ભાગે વિશાળ તળાવના અર્થમાં કામ આવે છે. સરોવર કયાંક સરવર છે. સર સંસ્કૃત શબ્દ સરસમાંથી બન્યો છે અને ગામડાંઓમાં એનો રસ સેંકડો વરસોથી સરના રૂપમાં મળી આવે છે. આકારમાં મોટાં અને નાનાં તળાવોનાં નામકરણ પુલ્લિંગ અને સ્ત્રીલ્લિંગ શબ્દોની આ જોડીઓ સાથે જોડાય છે. જોહડ-જોહડી, બંધ-બંધિયા, તાલ-તલૈયા, તથા પોખર-પોખરી. આ જુવાલજોડી મુખ્યત્વે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ, બિહાર, બંગાળમાં ઠેકઠેકાણે અને સરહદ પાર નેપાળમાં પણ પોખર સંસ્કૃત ભાષાના પુષ્કરમાંથી મળ્યો છે. અન્ય સ્થળે તો ગામડે ગામડે પોખર હતાં. પણ બંગાળમાં તો ઘરે ઘરે પોખર ! મોટેભાગે ઘરના પાછળના ભાગમાં નાનાં-નાનાં, છીછરાં પોખર મુખ્યત્વે માછલી-પાલન માટે હતાં. ત્યાં તળાવ માટે પુષ્કરણી શબ્દ પણ પ્રચલિત રહયો છે. પુષ્કર તો હતો જ. પુષ્કરની પાછળ શ્રધ્ધા અને આદરભર્યો જી શબ્દ લાગવાથી એ સામાન્ય પોખર ન રહેતાં. એક અતિવિશિષ્ટ તળાવ બની જાય છે. રાજસ્થાનમાં અજમેરની પાસે પુષ્કરજી નામનું એક પ્રસિદ્ધ તીર્થધામ છે. અહીં બ્રહ્માજીનું મંદિર છે.


સૌથી વધારે પ્રચલિત નામ તો તળાવ જ છે પણ તળાવના નામકરણમાં આ શબ્દનો ઉપયોગ તો બહુ જ ઓછો જોવા મળે છે. ડિગ્ગી નામ હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં પ્રચલિત હતું. પાણી સંઘરવાના નાના હોજથી માંડીને મોટાં તળાવ સુધી પણ ડિગ્ગી નામ જોડવા મળે છે. એક જમાનામાં લાલ કિલ્લાની બરાબર સામે લાલ ડિગ્ગી નામનું એક મોટું

તળાવ હતું. અંબાલામાં આજે પણ કેટલાંયે તળાવો છે અને એ બધાં ડિગ્ગી જ કહેવાય છે. ડિગ્ગી શબ્દ મૂળ સંસ્કૃત દીઘી અને દીર્ઘિકામાંથી લેવામાં આવ્યો છે.

ખૂબ સરસ તળાવોનાં નામ પણ કુંડ અને હોજ મળે છે. મધ્ય પ્રદેશના ખંડવા શહેરમાં કુંડ નામથી જાણીતાં કેટલાંય તળાવો છે. હોજનું એકદમ જાણીતું દ્રષ્ટાંત દિલ્હીનું હોજ-ખાસ છે જે આજે તળાવ કરતાં પણ ખાસ તો એક મહોલ્લા તરીકે ખાસ જાણીતું છે.

તાલ તો ઘણી જગ્યાએ છે પણ એની સાથે બંધબેસતો શબ્દ 'ચાલ' એક માત્ર વિસ્તાર પૂરતો મર્યાદિત રહી ગયો. આ ક્ષેત્ર છે ઉત્તરપ્રદેશ હિમાલયનો વિભાગ (આજકાલ જેને ઉત્તરાંચલ તરીકે જાણીએ છીએ) આ પહાડી વિસ્તારમાં ક્યારેક એક જમાનામાં ગામડે ગામડે ચાલ હતાં. મેદાની પ્રદેશ અને ગામડાંઓમાં તાલ વસ્તીની વચ્ચે અથવા તો વસ્તીની પાસે બને છે, પણ પહાડીગામોમાં ચાલ ગામથી ઉપરવાસે દૂર બનતાં હતાં. ચાલોનો ઉપયોગ પીવાના પાણી માટે સીધેસીધો નહોતો કરવામાં આવતો, પણ આ ચાલોને કારણે ગામનાં ઝરણાંઓ આખુંએ વર્ષ સજીવન રહેતાં હતાં. પહાડીઓમાં પડતા પહેલા ભારે વરસાદના પાણીના જથ્થાથી અચાનક આવતી રેલને રોકવા અને આખું એ વર્ષ ઝરણાને સેંજળ રાખવા માટે ચાલોનું ચલણ એટલું બધું હતું કે લોકો પોતાના ગામોથી ઉપરવાસમાં લગભગ ત્રીસ-ચાલીસ ચાલ બનાવી લેતા હતા.

સાધારણ રીતે ચાલ ત્રીસ ડગલાં લાંબી એટલી જ પહોળી અને ચાર-પાંચ હાથ ઊંડી બનતી હતી. ચાલ માટે કોઈ એક વ્યકિતની જવાબદારી નહોતી ગણાતી. સહુ સાથે મળીને



એને બનાવતા હતા અને ગામ સમસ્ત એની સફાઈ પણ કરતું હતું. ઝરણાને જીવતા રાખવા ઉપરાંત ગામનાં ઢોર-ઢાંખર અને વનનાં જાનવરોને પણ પીવાના પાણી માટે મોટો આશરો હતો.


હિમાલયમાં ચાલ કયાંક ખાલ છે, કયાંક તોલી છે તો કયાંક ચૌરા પણ છે. આસપાસનાં ગામો આના નામે જ ઓળખાય છે. જેવાં કે ઉફરેખાસ કે રાનીચૌરા અને દૂધાતોલી. ઠેઠ ઉત્તરભારતના આ શબ્દો દક્ષિણ ભારત સુધી ચાલ્યા ગયેલા જોવા મળે છે. કેરળ અને આંધ્રપ્રદેશમાં ચૌર અને ચેરુવુ જેવા શબ્દો તળાવના અર્થમાં વપરાતા જોવા મળે છે.

ચોતરફ બાંધેલા પાકા ઘાટથી ઘેરાયેલા તળાવને ચોપરા- ચૌપરા કે ચૌપડા પણ કહે છે. ચૌપડા ઉજ્જૈન જેવા પ્રાચીન નગરમાં, ઝાંસી જેવા ઐતિહાસિક શહેરમાં અને ચિરગાંવ જેવા સાહિત્યિક સ્થાનમાં પણ છે.

ચૌપરાને જ મળતું એક નામ ચૌઘરા પણ છે. ચારેબાજુએ સુંદર મઝાના પાકા બાંધેલા ઘાટવાળું તળાવ ચૌઘરા કહેવાય છે. આ જ પ્રમાણે તિઘરા પણ છે. આમાં એક બાજુ સંભવતઃ આવકની તરફનો ભાગ બાંધ્યા વિનાનો જ છોડી દેવામાં આવતો હતો. ચાર ઘાટ અને ગણ ઘાટથી પણ આગળ વધીને ચારઘાટ અને ત્રણ ઘાટથી પણ આગળ વધીને આઠ ઘટ્ટી પોખર પણ હતાં. એટલે કે આઠ ઘાટવાળાં અલગ અલગ વિભિન્ન ઘાટોનો  ઉપયોગ વિવિધ રીતે થતો હતો. કયાંક જુદી જુદી જાતિઓ માટે જુદાં જુદાં તળાવો બનતાં હતાં, તો કયાંક વળી એક જ મોટા તળાવ પર જુદી જુદી જાતિઓ માટે જુદાં જુદાં તળાવો બનતાં હતાં, તો કયાંક વળી એક જ મોટા તળાવ પર જુદી જુદી જાતિઓ માટે અલગ અલગ ઘાટ બનાવી દેવામાં આવતા. એમાં સ્ત્રીઓ  અને પુરુષોના નહાવાને માટે પણ અલગ વ્યવસ્થા થતી હતી. છત્તીસગઢમાં ડૌકીઘાટ સ્ત્રીઓ  માટે જયારે ડૌકાઘાટ પુરુષોને માટે બનતા હતા. કયાંક પણ ગણેશજી તો બીજે વળી મા દુર્ગાનુ બેસાડવામાં આવતાં, તો કયાંક વળી તાજીયા. આમ બધાના અલગ અલગ ઘાટ. આવા પ્રકારનાં તળાવોમાં આઠ ઘાટ બની જતા અને પછી એ અઠઘટ્ટી કહેવાતા હતા.

અઠઘટ્ટી તળાવ તો દૂરથી દેખાઈ આવે પણ ગુહિયા પોખર તો ત્યાં પહોંચ્યા પછી જ દેખાય. ગુહિયા એટલે ગુહ્ય-ગુપ્ત-સંતાયેલું તળાવ. આ તળાવ આકારમાં નાનાં હતાં અને મોટેભાગે  વરસાદી પાણીના એકઠા  થવાથી પોતાની રીતે જ બની જતાં હતાં. બિહારમાં બે ગામોની  વચ્ચે આવેલી આવાવરું જગ્યામાં  આજે પણ ગુહિયા તળાવ જોવા મળે છે.

આપોઆપ બનેલાં આવાં જ તળાવોનું બીજું એક નામ છે અમહાતાલ. છત્તીસગઢીમાં અમહાનો અર્થ છે અનાયસ. ગામોની પાસે આવેલાં ગાઢ જંગલોમાં કુદરતી રીતે



નીચાણવાળી જમીનમાં પાણી જમા થાય છે. ઢોર-ઢાંખરની સાથે આવતાં-જતાં આવાં તળાવો અનાયસ જ મળી જાય છે. એ રસ્તે આવવા-જવાવાળા લોકો આવાં તળાવોને ઠીકઠાક કરી લે છે અને એનો ઉપયોગમાં લેવા માંડે છે.

અમહાનો એક અર્થ આમ(કેરી) તો છે જ. આંબાના વૃક્ષો વડે, વિશાળ આંબાવાડિયાથી ઘેરાયેલું તળાવ 'અમહા તરિયા', અમહા તાલ અથવા આમા તરિયા કહેવાય છે. એ જ પ્રમાણે અમરોહા હતું. આજે તો એ એક શહેરનું નામ છે પણ એક સમયે આમના વૃક્ષોથી ઘેરાયેલા એક તળાવનું નામ હતું. કયાંક કયાંક આવાં તળાવો અમરાહ પણ કહેવાતાં. પછી તો જેમ અમરાહ એમ જ પીપરાહ. આખી એ પાળ ઉપર પીપળનાં વિશાળ વૃક્ષોની હાર. અમરાહ-પીપરાહમાં પાળ ઉપર અથવા એની નીચે વાવેલાં ઝાડ ગમે તેટલાં હોય પણ એ ગણી શકાય છે, પણ લખપેડા તાલ નો લાખો વૃક્ષોથી ઘેરાયેલું રહેતું. અહીં લાખનો અર્થ અગણિત છે. કયાંક કયાંક આવાં તળાવોને લખરાંવ પણ કહે છે.

લખરાંવને પણ ભૂ પાઇ દે એવું હતું ભોપાલ તાલ. આની વિશળતાએ આસપાસ રહેવાનારાઓના ગર્વને કોઇ કોઇ વખત ઘમંડમાં બદલી દીધું હતું. કહેવતમાં પણ બસ એક આને જ તળાવ માન્યું. તળાવ તો બસ એક જ ભોપાલ તાલ, વિશાળ તળાવનું એકદમ સંક્ષિપ્ત વર્ણન આપણને ચકિત કરી દે છે. અગિયારમી સદીમાં રાજા ભોજા દ્વારા બનાવવામાં આવેલું આ તળાવ ૨૫૦ ચોરસ માઇલના ઘેરાવમાં ફેલાયેલું છે અને ૩૬૫ જેટલાં નદી, નાળાં વડે ભરાતું હતું. માળવાના સુલતાન હોશંગશાહે પંદરમી સદીમાં કોઇ ખાસ કારણથી આને તોડયું. આ કામ એને માટે યુદ્ધથી જરા પણ કમ નહોતું એને તોડવા માટે હોશંગશાહે આખીય ફોજને ઉતારવી પડી. આવડી મોટી શાહી ફોજને પણ એને તોડવા માટે પૂરા ત્રાણ માસ લાગ્યા. અને પછીનાં ત્રાણ વર્ષ સુધી સતત આ તૂટેલા તળાવનું પાણી વહેતું રહયું, ત્યાર પછી જ એનું તળિયું દેખાયું. પણ એના તળીયામાં કાદવ તો રહયો ત્રીસ વર્ષ સુધી. સૂકાય પછી તેમાં ખેતી શરૂ થઇ, ત્યારથી તે આજ લગી આમાં ઉમદા પ્રકારના ઘઉં પેદા થયા કરે છે.

મોટાં તળાવોની વાત અહીં જ રાખીએ, વળી પાછી આવીએ નાનાં તળાવો ઉપર. છીછરાં અને નાનાં તળાવો ચિખલિયા કહેવાતાં હતાં. આ નામ ચિખડ એટલે કે કીચડમાંથી

બન્યું હતું. આવાં તળાવોનું એક જૂનું નામ ડાબર પણ હતું. આજે એનું બગડેલું સ્વરૂપ ડબરા શબ્દમાં જોવા મળે છે. બાઈ અથવા તો બાય પણ આવાં જ નાનાં તળાવોનાં નામ હતાં. પાછળથી આ નામ તળાવથી હટીને વાવમાં જોડાઈ ગયું. દિલ્હીમાં કુતુબમિનારની પાસે રાજોની બાવ નામની વાવડી આ શબ્દની માફક જ આજે તો પુરાણી બની ગઈ છે.

જૂનાં વિસરાતાં નામોમાં નિવાણ, હ્રદ, કાસાર, તડાગ, તામ્રપર્ણી, તાલી, તલ્લ પણ યાદ કરી શકાય છે. આમાં તલ્લ એક એવું નામ છે જે સમયના લાંબા અરસાને પાર કરીને બંગાળ અને બિહારમાં તલ્લાના રૂપમાં આજે પણ જોવા મળે છે. એ જ પ્રમાણે જૂનું થઈને ડૂબી ગયેલું જળાશય નામ હવે સરકારી, સિંચાઈ વિભાગમાં ફરીથી ઉપર આવ્યું છે. કેટલીયે જગ્યાએ બહુ જ જૂનાં તળાવોનાં નામો જો યાદ રાખવા લાયક ન લાગ્યાં હોય તો સમાજમાંથી એ ખતમ થઈ જતાં અને ત્યાર પછી કોઈ એક નવું નામ મળી જતું. પુરનૈહા એટલે કે ઘણું જ પુરાણું તળાવ. આસપાસનાં તળાવોની ગણતરીમાં સહુથી છેલ્લે બનેલું તળાવ તે નવતાલ, નવું તળાવ તરીકે જાણીતું હતું. એ નામ જૂનું થઈ જાય તો પણ એ જ જૂના નામથી ઓળખતું હતા.

ગુચકુલિયા એવા તળાવને કહેતા કે જે હોય તો નવું જ પણ કિનારેથી જ જે ઊંડું હોય. પલ્લવ પણ આ જ પ્રકારનાં ઊંડા તળાવ માટેનું જૂનું નામ છે. સમયની દોડમાં આ બધાં નામો પાછળ રહી ગયાં છે. આજે આની યાદ કેવળ દિલ્હીની પાસે આવેલા એક નાના અમથા કસ્બા અને એવા સ્ટેશન પલવલના રૂપમાં બચેલી છે, જેની પર રેલગાડીઓ વણથંભી દોડયા કરે છે.

ખદુઅન છત્તીસગઢમાં એવાં તળાવોને કહેવામાં આવે છે કે જેનું પાણી એકદમ જ સાફ રહે છે અને જે પીવાના કામમાં આવે છે. પનખત્તી તળાવ કેવળ વપરાશ માટે કામ આવે છે. એવી જ રીતે લેંડયા તાલ અને પણ નિસ્તારી શૌચ અને ઢોરના ઉપયોગ માટે હોય છે.

અલગ-અલગ સ્વતંત્ર તળાવ સિવાય કયાંક કયાંક એકબીજા સાથે જોડાયેલાં તળાવોની સાંકળ બનાવવામાં આવે છે. એકનું વધતું પાણી બીજામાં, બીજાનું ત્રીજામાં, આમ આખી હારમાળા બને છે. આ કીમિયો અલ્પ વરસાદવાળા રાજસ્થાન અને આંધ્રના રાયલસીમા વિસ્તારમાં, સરેરાશ પૂરતા વરસાદવાળા બુંદેલખંડ અને માળવામાં તે વળી વધુ વરસાદવાળા ક્ષેત્ર ગોમાંતક (ગોવા) અને કોંકણમાં સમાન રીતે જોવા મળે છે. ઉત્તરમાં સાંકળ અને દક્ષિણમાં દશફલા પદ્ધતિ છે.

તળાવોની આ સાંકળ સાધારણ રીતે જોઈએ તો એકથી વધારે એટલે કે બે થી માંડીને દસ તળાવો સુધી ચાલે છે. સાંકળ માત્ર બે તળાવોની જ બનેલી હોય અને બીજું તળાવ

પહેલાંની સરખામણીએ બહુ જ નાનું હોય તો એ છિપીલાઇ કહેવાય છે. એટલે કે પહેલા મોટા તાલની પડખે છૂપાયેલી તલાવડી.

પરંતુ જે તળાવ એકદમ સામે જ છે અને ખૂબ સુંદર પણ છે, નામ એનું જે હોય તો પણ લોકોની જીભે તો એ સગુરી તળાવ પણ કહે છે. જે તળાવમાં મગરમચ્છ રહેતા હતા, એનું નામ ભલેને મોટા રાજાના નામથી હોય, લોકો પોતાની સાવચેતી અને ચેવતણી માટે એનું નામ મગરાતાલ, નકયા અથવા તો નકરાતાલ રાખી લેતા. મૂળ સંસ્કૃત નક્ર એટલે મગર પરથી નકરા બન્યું છે.. કોઇ કોઇ ઠેકાણે ગધયાતાલ પણ છે. તેમાં મગરની માફક જો ગધેડા રહેતા નહોતા. પણ ગધેડા એટલે ભારવાહક, એક ગધેડો જાડા રાંઢવાનો જેટલો જથ્થો ઉપાડી શકે એટલા રાંઢવાની લંબાઇ જેટલી ઊંડાઇનું તળાવ એ ગધયાતાલ. કોઇ કોઇ વખત કોઇ દુર્ઘટના કે ઘટના પણ તળાવનું જૂનું નામ ખતમ કરી દેતી. જ્યાં ત્યાં બાહ્મનમારા તાલ જોવા મળે છે. એનું ખરું નામ તો કંઇક જુદું જ હશે, પણ કોઇ વેળા એમાં કોઇ બ્રાહ્મણ સાથે કોઇ દુર્ઘટના ઘટી હશે એથી પછીથી એને બહ્મનમારાની જેમ જ યાદ રાઅવામાં આવ્યું. આવા જ પ્રકારનું એક બીજું નામ છે વેરાગીતાલ. આની પાળ પર બેસીને કોઇ વેળા કોઇ વેરાગી બની ગયું હશે.

નદીઓના કિનારે નદયાતાલ મળી આવે છે. આવાં તળાવો પોતાની આવથી નહીં, પણ નદીની રેલથી ભરાતાં હતાં. નદીઓને બદલે કોઇ પાતાળપાણીથી ભરાતાં તળાવને ભૂફોડતાલ કહેતા હતા. આવાં તળાવોની એવી જગ્યાએ વધારે પ્રમાણમાં હતાં જ્યાં ભૂતળનું સ્તર ઠીક ઠીક ઊંચું રહેતું હતું. ઉત્તર બિહારમાં આજ પણ આવાં તળાવો છે અને કેટલાંક નવા પણ બન્યાં છે.

સારી સાર-સંભાળના જમાનામાં પણ કયારેક કયારેક કોઇ ખાસ કારણે એકાદું તળાવ સમાજને માટે અનુપયોગી થઇ જતું હતું. આવાં તળાવને હાતીતાલ કહેતા હતા. સંસ્કૃત ભાષાના શબ્દ હાતી તે પરથી બન્યો છે હત એટલે કે નષ્ટ થઇ જવું. 'હત્ તારી ની' જેવા ચાલુ ઉપયોગમાં હતા તારા ભાગ્યની જે એટલે કે તારું ભાગ્ય નષ્ટ થઇ જાય, એવા અર્થમાં છે. હતપ્રભ અને હતઆશા એટલે કે હતાશા પણ આ જ રીતે બોલાય છે. આ જ રીતે હાતીતાલ એટલે છોડી દેવામાં આવેલા તળાવને માટે અપનાવવામાં આવેલું નવું નામ હતું. પરંતુ હાથીતાલ સાવ જ ભિન્ન નામ છે. એવું તળાવ કે જેની ઊંડાઇ હાથી જેટલી હોય.

ફરી પાછા હાતીતાલ પર આવીએ. આ નામ સંસ્કૃતમાંથી ખૂબ લાંબી સફર કરીને થાકેલું દેખાય તો સીધું બોલીમાંથી જ તાજું દેખાતું નામ ફૂટાતાલ-ફાટેલ તળાવ પણ આમ તેમ ટમળી જાય.

જે તળાવ ઉપર કોઈ વેળા જાનીવાસો-જાનનો ઉતારો આપ્યો હોય, દસ-બાર જાન આવીને અહીં ઉતરી હોય એનું નામ બરાતીતાલ નામ પડી જતું હતું. પરંતુ મિથિલા (બિહાર) દુલ્હાતાલ-વરરાજાતાલ એક ખાસ તળાવ છે. મિથિલા સીતાજીનું પિયર છે. એમના સ્વયંવરની સ્મૃતિમાં અહીં આજે પણ સ્વયંવર યોજાય છે. ફરક માત્ર એટલો જ છે કે વરની વરણી કન્યા નથી કરતી, પણ કન્યાપક્ષ કરે છે. દુલ્હાતાલ પર એક નિશ્ચિત તિથિના દિવસે કેટલાય છોકરાવાળા પોતાના છોકરા લઈને ભેળા થાય છે. પછી કન્યાપક્ષના લોકો એમાંથી પોતાની કન્યા માટે યોગ્ય મુરતીયો પસંદ કરી લેતા હતા. આવાં તળાવો છત્તીસગઢમાં જોવા મળે છે. અહીં એનું નામ દુલહારાતાલ છે.

કેટલાંય તળાવોનાં નામ લાંબી લાંબી કથાઓમાંથી નીકળ્યાં છે. લાંબા સમય સુધી આ તળાવોએ સમાજની સેવા કરી છે અને લોકોએ લાંબા સમય સુધી આની લાં.....બી.... કથાઓને જેમની તેમ યાદ રાખી છે. આવાં તળાવોમાં એક નામ છે, 'હા હા પંચકુમારી તાલ.' બિહારમાં મુંગેરની પાસે આ તળાવ એક ઊંચા ડુંગરની નીચે બનેલું છે. કથામાં એક રાજા છે, એની પાંચ કુંવરીઓ છે. જે કંઈક નિરાશા અને અસંતોષને કારણે ઊંચે પહાડ પરથી કૂદીને તળાવમાં ડૂબીને પ્રાણ આપી દે છે. આ પાંચેયના શોકમાં તળાવનું મૂળ નામ પણ ડૂબી ગયું અને લોકોએ તળાવને હા હા પંચકુમારીના નામથી યાદ રાખ્યું આજ દિવસ સુધી.

બિહારમાં લખી સરાય ક્ષેત્રની નજીકમાં એકી ઝાટકે ૩૬૫ તળાવો બની ગયાં હતાં. કથા છે કે કોઈ રાણી હતી જે દરરોજ એક નવા તળાવમાં સ્નાન કરવાનું ઈચ્છતી હતી. આવી વિચિત્ર ટેવને લીધે આખો યે વિસ્તાર તળાવોથી ભરાઈ ગયો. આ કથાવાળાં લગભગ એક તળાવે તો આજે પણ અહીં જોવા મળી જશે અને એને પરિણામે જ આ વિસ્તારનું ભૂગર્ભ જલસ્તર આજે પણ ખૂબ જ ઉંચું છે.


પોખર મોટે ભાગે નાનાં તળાવો માટે વપરાય છે પણ બરસાને (મથુરા)માં આ શબ્દ મોટા તળાવને માટે પણ વપરાયો છે. રાધાજીના હાથની હળદર ધોવાનો પ્રસંગ આની સાથે મધુર રીતે જોડાયેલો છે. પોખરનું પાણી પીળું પડી ગયું નામ પડી ગયું પીળી પોખર.

રંગ પરથી સ્વાદ પર આવીએ. મહારાષ્ટ્રના મહાડ ઈલાકામાં એક તળાવનું પાણી એટલું બધું સ્વાદિષ્ટ હતું કે એ તળાવનું નામ જ ચવદારતાલ એટલે કે મસાલેદાર તળાવ બની ગયું. સમાજની પડતીના અરસામાં આ તળાવ ઉપર કેટલીક જ્ઞાતિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગી ગયો હતો. સને ૧૯૨૭માં શ્રી ભીમરાવ આંબડકરે આ ચવદારતાલ થી જ દલિતોધ્ધારના રાષ્ટ્રીય આંદોલનનો પ્રારંભ કર્યો હતો.

અરવલ્લીની પહાડીઓની વચમાં આવેલા માઉન્ટ આબુની બરાબર મધ્યમાં આવેલું નખી સરોવરની વિચિત્રતા પણ જાણી લો. કહેવાય છે કે આ સરોવર દેવતાઓએ અને ઋષિઓએ પોતાના નખથી ખોદયું છે. જે સમાજમાં સામાન્ય લોકો પણ તળાવ બનાવવામાં પાછળ નહોતા રહેતા ત્યાં દેવતાઓનું યોગદાન કેવળ એક તળાવનું જ કેમ હોય ?

ગઢવાલના સહસ્રતાલ નામના એક વિસ્તારમાં ખરેખર સેંકડો તળાવો છે. હિમાલયનો આ વિસ્તાર દસ થી તેર હજાર ફૂટની ઊંચાઇ પર આવેલો છે. અહીં પ્રકૃતિનું એક રૂપ - વનસ્પતિ વિદાય લેવાની તૈયારી કરી રહી છે અને બીજું રૂપ હિમ પોતાની સત્તા જમાવવાની. આસપાસ દૂર દૂર સુધી કોઇ જ માનવ વસ્તી નથી.નજીકમાં નજીકનું ગામ પાંચ હજાર ફૂટ નીચે છે અહીંના લોકો બતાવે છે કે સહસ્રતાલ એમણે નહીં દેવતાઓએ જ બનાવેલાં છે.

જયપુરની પાસે બનેલું ગોલાતાલ વિચિત્ર ઘટનાઓમાંથી નીકળેલાં તળાવોમાં ખરેખર સચિત્ર વર્ણન કરવા લાયક છે દેખાવે ગોળ છે તેથી કાંઇ ગોલા નથી કહેવાયું. કહેવાય છે કે આ તળાવ એક તોપના ગોળાથી બન્યું હતું. ત્યારે હજુ જયપુર શહેર નહોતું વસ્યું. આમેર રાજધાની હતી. કિલ્લો હતો જયગઢ. જયગઢના રાજાએ જયબાણ નામની એક મોટી



તોપ બનાવી હતી. એની મારક ક્ષમતા ઘણી બધી વધારે હતી. આનો ગોળો વીસ માઇલ (૩૨ કિ.મી.) દૂર સુધી જઈ શકતો હતો. જયબાણ તોપ જયગઢ કિલ્લાની અંદર આવેલા તોપ કારખાનામાં ઢાળી હતી. મારક ક્ષમતા ના પરીક્ષણ માટે તેને કિલ્લાના એક બુર્જ પર ચઢાવવામાં આવી અને તૈયાર કરીને જામગરી ચાંપવામાં આવી. ગોળો પડયો વીસ માઇલ દૂર ચાકસૂ નામની એક જગ્યાએ. વિસ્ફોટ એટલો તો પ્રચંડ હતો કે તેનાથી લાંબો-પહોળો ઊંડો એક ખાડો પડી ગયો. પછીના ચોમાસામાં તેમાં પાણી ભરાયું અને પછી કયારેય સૂકાયું નહીં.

આ રીતે જયબાણ તોપે બનાવ્યું ગોલાતાલ. જયબાણ તોપ ત્યાર પછી કદી ચાલી નહીં. પરીક્ષણ પછી શાંતિ સ્થપાઇ ગઇ. કહે છે કે આના પછી કોઇએ એ તરફ હુમલો કરવાની હિંમત ન કરી. ગોલાતાલ આજે પણ ભર્યું છે અને ચાકસૂ શહેરને પાણી આપી રહ્યું છે. અણુબૉંબ અથવા તો અણુશક્તિના શાંતિમય ઉપયોગની વાતો તો ઘણી બધી થઇ હતી, આપણે ત્યાં પણ થઇ. આ જ રાજસ્થાનમાં પોખરણમાં એનો વિસ્ફોટ થયો પણ કોઇ ગોલાતાલ ન બન્યું. જો બન્યું હોત તો વિકિરણને કારણે ન બનવા કરતાં પણ વધારે નુકસાન કરતે.

કયારેક કયારેક કોઇ વિસ્તારમાં કોઇ એક તળાવ લોકોના મનમાં બીજા બધાં કરતાં વધારે છવાઈ જાય છે. ત્યારે એનું નામ ઝૂમરતાલ બની જાય. ઝૂમર છે માથાનું એક આભૂષણ ઝૂમરતાલ એ પ્રદેશનું માથું ઊંચુ કરી દેતું, જેવી રીતે દીકરી ને લાડમાં આપણે દીકરા કહીએ છીએ. એ પ્રમાણે એને ઝૂમરીતલૈયા કહેવાતું. સાવ જ જુદા પ્રસંગમાં એક ઝૂમરીતલૈયાનું નામ વિવિધભારતીને કારણે ઘરે ઘરે પહોંચી ગયું હતું.

ભારતી, ભાષાની વિવિધતા, તાલ-તલૈયાની વિવિધતા સમાજનું માથું ઊંચું કરતી હતી.

# મૃગતૃષ્ણાને ખોટી ઠેરવે છે તળાવ

દેશ આખામાં પાણીનું કામ કરવાવાળો સમાજ અહીં રેગિસ્તાનમાં મૃગજળથી ઘેરાઇ ગયો હતો.

આ પ્રદેશ આત્યંતિક રીતે ગરમ અને સૌથી વધારે સૂકો પ્રદેશ છે. આખાએ વર્ષમાં લગભગ ૩ ઇંચથી માંડીને ૧૨ ઇંચ વરસાદ થાય છે. જેસલમેર, બાડમેર અને બીકાનેરના કોઇ કોઇ ભાગોમાં પૂરા એક વર્ષમાં બસ એટલું જ પાણી વરસે છે જેટલું દેશના અન્ય ભાગોમાં એક દિવસમાં પડી જાય છે. સૂરજ પણ અહીં સૌથી વધારે ચમકે છે અને તે પણ પોતાની પૂરી પ્રખરતાથી. એમ લાગે જાણે ગરમીની ઋતુ દેશમાં અહીંથી પ્રવેશ કરે છે અને અન્ય રાજ્યોમાં પોતાની હાજરી પૂરાવીને પાછી અહીં આવીને રહી પડે છે. ઉષ્ણતામાનનો પારો ૫૦° સે. ગ્રે. ન પહોંચે તો અહીંના લોકોમાં એનાં માન ઘટી જાય છે. ભૂતળનું જળ પણ અહીં સહુથી વધારે ઊંડું છે. અને પાણીના અભાવને જ રેગિસ્તાનનો સ્વભાવ માનવામાં આવ્યો છે. પરંતુ અહીંના સમાજે આને માત્ર એક અભિશાપની માફક નહીં પરંતુ કુદરતની એક લીલાના ભાગરૂપે જોયો અને પછી એક કુશળ નટની અદાથી સજધજ થઇને એ લીલામાં સામેલ થઇ ગયો.

ચોતરફ ઝાંઝવાનાં જળથી ઘેરાયેલી તપતી મરુભૂમિમાં જીવન એક જીવંત સંસ્કૃતિનો પાયો નાખતી વેળા આ સમાજે પાણી સાથે જોડાયેલી નાનામાં નાની બાબતને જોઇ-પારખી હશે. પાણીની બાબતમાં દરેક વિપરિત પરિસ્થિતિમાં એમણે જીવનની રીત શોધવાનો પ્રયત્ન કર્યો અને મૃગજળને ખોટું પાડીને ઠેક ઠેકાણે વિવિધ પ્રકારે પાકો પ્રબંધ કર્યો.

જ્યાં તળાવ નહીં, એટલે કે પાણી નહીં ત્યાં ગામ નહીં. તળાવનું કામ પહેલાં થશે અને એના આધારે ગામ વસશે. મરુભૂમિમાં સેંકડો ગામોનાં નામકરણ ત્યાં બનેલાં તળાવો સાથે જોડાયેલાં છે. બિકાનેર જિલ્લાના બિકાનેર તાલુકામાં -૬૪, કોલાયત તાલુકામાં -૨૦ અને નોખા વિસ્તારમાં -૧૨૩ ગામોનાં નામો 'સર' આધારિત છે. એક તાલુકો લૂણકરણસરના નામ સાથે તો સર છે જ પણ તેમાં આવતાં ૪૫ ગામોનાં નામો સર પર છે. અને જે ગામોનાં નામોમાં સર નથી ત્યાં પણ તળાવ તો ચોક્કસ મળશે જ. હા, બે-

ચાર એવાં પણ ગામ છે જ્યાં ગામમાં સર છે પણ ત્યાં તળાવ નથી. ગામમાં સરોવર બને એવી ઇચ્છા ગામના નામકરણ વખતે ચોક્કસપણે રહેતી હતી. જેવી રીતે પોતાના પુત્રનું નામ રામકુમાર પુત્રીનું નામ પાર્વતી આદિ રાખતી વખતે મા-બાપ પોતાનાં સંતાનોમાં એમના ગુણોની ઝંખના કરે છે.

મોટાભાગનાં ગામોમાં પોતે માનેલું કર્તવ્ય પૂરું કરતા અને જ્યાં કોઇ કારણવશાત્ પૂરૂં કરી શકાય એને નજીકના ભવિષ્યમાં પૂરું થયેલું જોવાની ઝંખનાએ મરુભૂમિના સમાજને પાણીની બાબતમાં એક રૂઢ સંગરૂનના રૂપમાં ઢાળી દીધો હતો.

મરૂભૂમિનો વિસ્તાર આવેલો છે એવા રાજસ્થાનના અગિયાર જિલ્લા : જેસલમેર, બાડમેર, જોધપુર, પાલી, બિકાનેર, ચુરુ, શ્રી ગંગાનગર, ઝુંઝુનૂ, જાલોર, નાગૌર અને સીકર. પરંતુ મરુભૂમિ સઘન રીતે આવેલી છે : જેસલમેર, બાડમેર અને બિકાનેરમાં. અહીં જ દેશમાં સૌથી ઓછો વરસાદ પડે છે, સૌથી વધારે ગરમી છે, રેતીની જોરદાર આંધી પણ અહીં જ છે અને પાંખો લગાવીને અહીંથી ત્યાં ઊડવાનારા રેતીના મોટા મોટા ટીંબા-ધોરા પણ છે. આ ત્રણ જિલ્લામાં પાણીનો સહુથી વધારે માં વધારે અભાવ હોવો જોઇએ. પણ મરૂભૂમિના આ ગામોમાં વર્ણન કરતી વેળા વસ્તીગણત્રી કરવાનારાને પણ ભરોસો નથી બેસતો કે અહીં સો એ સો ટકા ગામોમાં પાણીની વ્યવસ્થા છે. અને એ વ્યવસ્થા મોટાભાગનાં ગામોમાં મરુભૂમિના સમાજે પોતાના બળ પર કરી હતી. એ એટલી મજબુત હતી કે ઉપેક્ષાના આટલા લાંબા અરસા પછી પણ કોઇને કોઇ સ્વરૂપે ટકેલી છે.

ગેઝેટિયરમાં જેસલમેરનું વર્ણન બહુ જ બિહામણું છે, 'અહીં એક પણ બારમાસી નદી નથી. ભૂજળ ૧૨૫ ફૂટથી ૨૫૦ ફૂટ અને કયાંક કયાંક તો ૪૦૦ ફૂટ જેટલી ઊંડાઇએ છે વરસાદ બહુ જ અલ્પ છે, માત્ર ૧૬.૪ સે.મી. છેલ્લાં સીતેર વર્ષના અધ્યયન અનુસાર વર્ષના ૩૬૫ દિવસોમાંથી ૩૫૫ દિવસો સૂકા ગણવામાં આવ્યા છે.' એટલે ૧૨૦ દિવસની વર્ષા ઋતુ અહીં પોતાના અલ્પતમ રૂપમાં કેવળ ૧૦ દિવસ માટે આવે છે.

પરંતુ આ બધો હિસાબ-કિતાબ કેટલાક નવા લોકોનો છે. મરુભૂમિના સમાજે માત્ર દસ દિવસની વર્ષામાં કરોડ કરોડ પાણીનાં બિંદુને જોયાં અને પછી એકત્ર કરવાનું કામ ઘેર ઘેર ગામે ગામ અને એને પોતાના શહેરોમાં પણ કર્યું. આ તપશ્ર્ચર્યાનું ફળ સામે દેખાય છે.

જેસલમેર જિલ્લામાં આજે ૫૧૫ ગામો છે.એમાંથી ૫૩ ગામો કોઇને કોઇ કારણે ઉજ્જડ થયાં છે. આબાદ છે ૪૬૨. આમાંથી કેવળ એક ગામને છોડીને એક્કએક ગામમાં પીવાના પાણીની સમુચિત વ્યવસ્થા છે. વેરાન થઇ ગયેલાં ગામોમાં પણ આ વ્યવસ્થા જોવા મળે છે. સરકારના આંકડા મુજબ જેસલમેર જિલ્લાનાં ૯૯.૭૮ ટકા ગામોમાં તળાવ,